# ઇલ્મની મહાનતા

## (મહત્વ–હેતુ–તકાઝાઓ)

કિતાબનું નામ : ઈલ્મની મહાનતા

પ્રકાશનનું વર્ષ : શવ્વાલ, હિ.સ. ૧૪૩૭,
જુલાઈ-૨૦૧૬

પ્રકાશક : એસોસીએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)
પો.બોક્સ નં. ૧૯૮૨૨
મુંબઇ - ૪૦૦ ૦૫૦

# અનુક્રમણિકા


| વિષય | પાના નં. |
|---|---|
| કુરઆને કરીમ | ૫ |
| ૧) તૌહીદ | ૧૦ |
| ૨) નબુવ્વત | ૧૧ |
| ૩) વિનમ્રતા | ૧૧ |
| ૪) ખુદાનો ખૌફ | ૧૨ |
| ૫) પયગમ્બર (સ.અ.વ.)ની દોઆ | ૧૩ |
| એહલેબૈત (અ.મુ.સ.) | ૧૪ |
| કયુ ઈલ્મ? | ૨૨ |
| ખુબજ મહત્ત્વનું | ૨૭ |
| કલાસમાં જવું | ૩૦ |
| શા માટે ઈલ્મ હાસીલ કરવું? | ૩૨ |
| રોશની ફેલાવવી શા માટે? | ૪૨ |
| રોશની ફેલાવવી | ૪૬ |

ઈલ્મની મહાનતા ..................................................................4

# ઈલ્મની મહાનતા

## કુરઆને કરીમઃ

પવિત્ર દીને ઈસ્લામમાં ઈલ્મની મહાનતા વિષે કુરઆને કરીમની આયતો અને એહલેબૈત (અ.મુ.સ.)ની હદીસો એટલી વધારે છે કે તેને અમૂક પાનાઓમાં તો શું અમુક ભાગોમાં પણ જમા નથી કરી શકાતી.

ખુદાવંદે આલમે પોતાના આખરી નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ને જે સર્વવ્યાપી અને હંમેશાનો દીન આપીને મોકલ્યા જેમાં بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ પછી જે વસ્તુનું સૌથી પહેલું વર્ણન કર્યું તે 'اِقْرَاْ' છે એટલે કે વાંચો અને પોતાના રબના નામથી વાંચો. થોડું ધ્યાન આપીએ.

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِيْ خَلَقَ ۚ﴿١﴾ خَلَقَ الْاِنْسَانَ مِنْ عَلَقٍ ۚ﴿٢﴾ اِقْرَاْ وَرَبُّكَ الْاَكْرَمُ ۙ﴿٣﴾ الَّذِيْ عَلَّمَ بِالْقَلَمِ ۙ﴿٤﴾ عَلَّمَ الْاِنْسَانَ مَا لَمْ يَعْلَمْ ۭ﴿٥﴾

*"વાંચો તમારા રબના નામથી જેણે પૈદા કર્યા. જેણે ઈન્સાનને જામી ગયેલા લોહીનાં ટુકડામાંથી પૈદા કર્યો. વાંચો અને તમારો પરવરદિગાર ખુબજ માનનીય છે. જેણે કલમ વડે તાલીમ આપી અને ઈન્સાનને તે વાતો શીખવી જે તે જાણતો ન હતો."*

(સુરએ અલક-૯૬: ૧-૫)

થોડું વિચારો અલ્લાહ કે જેણે આપેલી નેઅમતોને કોઈ ગણી પણ નથી શકતું, તેણે આપેલી નેઅમતો અઝીમ છે. તે ખુદા

ઈન્સાનની ખિલ્કત પછી જે નેઅમતનું વર્ણન કરે છે તે પઢવું અને ઈલ્મ છે. અગર અલ્લાહની નઝરમાં ઈલ્મથી વધારે કોઈ વસ્તું ફઝીલતવાળી હોત તો અલ્લાહ તેનું વર્ણન કરત. 'اکرم' એ 'اَفْعَل' ના વઝન પર ઈસ્મે તફઝીલ છે. એટલે કે ખુબજ વધારે ઉચ્ચ અને માનનીય જેની ઈઝઝતનો કોઈ અંદાઝ લગાવી નથી શકતું. એટલે ખિલ્કત પછી અગર કોઈ વસ્તુ ઈઝઝત અને શરફનું કારણ હોય તો તે 'ઈલ્મ' છે.

'અલક' (એટલે જામી ગયેલું લોહી) પછી ઈલ્મનું વર્ણન એ વાત તરફ ઈશારો કરે છે કે અગર ઈન્સાનની પાસે ઈલ્મ નથી તો તેની હયસીયત એક લોહીના લોથડાથી વધારે નથી જે ખુબજ નજીસ, બદબુવાળું અને તુચ્છ છે. ઈન્સાન ઉપર એટલે કે આપણા ઉપર ખુદાવંદે આલમની ખાસ મહેરબાની છે કે તેણે ઈલ્મના કારણે તે નજીસ કતરાને અશરફુલ મખ્લુકાત કરાર દીધો. અગર ઈલ્મ સિવાય બીજી કોઈ વસ્તુ ઈન્સાનની પ્રગતિ, વિકાસ, ઈઝઝત અને શરફનું કારણ હોત તો અલ્લાહ તેનું વર્ણન કરત.

અહીં હજુ એક બાબત વર્ણવવા જેવી છે. 'اکرم' પછી ઈલ્મનું વર્ણન બતાવે છે કે ખુદાવંદે આલમની નઝરમાં ઈઝઝત અને બુઝુર્ગીનું કારણ 'ઈલ્મ' છે.

ખુદાવંદે આલમની નઝરમાં ઈલ્મ ધરાવનારનો દરજ્જો એટલો ઉચ્ચ છે કે તેણે ઈલ્મ ધરાવનારનું વર્ણન પોતાના વર્ણનની સાથે કર્યું છે. કયાં ખાલીક અને કયાં મખ્લુક!! પરંતુ ઈલ્મ મખ્લુકને કેટલી હદે ઉચ્ચ દરજ્જા સુધી પહોંચાડી દે છે.

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ

*“અલ્લાહ ગવાહી આપે છે કે બેશક અલ્લાહ સિવાય કોઈ મઅબુદ નથી અને મલાએકા અને ઈલ્મ ધરાવનારાઓ પણ આજ ગવાહી આપે છે.”*

(સુરએ આલે ઈમરાન-૩: ૧૮)

ખુદાવંદે આલમે તૌહીદ (જે દીને ઈસ્લામનો મૂળભૂત અને પાયાનો અકીદો છે)ની ગવાહીમાં જ્યાં પોતાની પવિત્ર ઝાતનું વર્ણન કર્યું છે, ફરીશ્તાઓનું વર્ણન કર્યું છે ત્યાં જ ઈલ્મ ધરાવનારાઓનું પણ વર્ણન કર્યું છે. અગર આજે કોઈ મહાન વ્યકિત સાથે એક-બે મીનીટ બેસવાનો મૌકો મળી જાય તો ઈન્સાન તેની સાથે ફોટો પડાવીને ઘણા સમય સુધી તેનું વર્ણન કર્યા કરે છે. અહીં તે ખુદા કે જેની મહાનતા વર્ણવી ન શકાય તેવી છે, તે ઈલ્મ ધરાવનારાઓનું વર્ણન પોતાની સાથે કરે છે. શું આનાથી વધારે કોઈ ઉચ્ચ દરજ્જાનો વિચાર પણ થઈ શકે છે??

ખુદાવંદે આલમે ન ફકત પોતાની તૌહીદની ગવાહીમાં પોતાની સાથે ઈલ્મ ધરાવનારાઓનું વર્ણન કર્યું છે, બલ્કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની નબુવ્વતની ગવાહી વિષે પણ પોતાની સાથે ઈલ્મ ધરાવનારાઓનું વર્ણન કર્યું છે.

وَيَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْا لَسْتَ مُرْسَلًا ؕ قُلْ كَفٰى بِاللّٰهِ

شَهِيْدًۢا بَيْنِىْ وَبَيْنَكُمْ ۙ وَمَنْ عِنْدَهٗ عِلْمُ الْكِتٰبِ ۝٤٣

*“કાફીરો એમ કહે છે કે તમે રસુલ નથી. તમે કહી દો અમારી અને તમારી વચ્ચે મારી રિસાલતની ગવાહી માટે અલ્લાહ કાફી છે અને તે શખ્સ કાફી છે જેની પાસે પુરી કિતાબનું ઈલ્મ છે.”*

(સુરએ રઅદ-૧૩: ૪૩)

તૌહીદ અને નબુવ્વતની ગવાહીમાં ઈબાદતગુઝારોનું વર્ણન નથી બલ્કે ઈલ્મ ધરાવનારાઓનું વર્ણન છે. અલ્લાહે આ જ ઈલ્મને ઉચ્ચ દરજજાનું કારણ કરાર દીધું છે.

يَرۡفَعِ اللّٰهُ الَّذِيۡنَ اٰمَنُوۡا مِنۡكُمۡ ۙ وَالَّذِيۡنَ اُوۡتُوا الۡعِلۡمَ دَرَجٰتٍ

*"તમારામાંથી જે લોકો ઈમાન લાવ્યા છે અને જેમને ઈલ્મ આપવામાં આવ્યું છે ખુદાવંદે આલમ તેમનાં દરજ્જાઓને ઉચ્ચ કરી દે છે."*

(સુરએ મુજાદલહ-૫૮: ૧૧)

તદઉપરાંત ખુદાવંદે આલમે ઈલ્મ વડે જ ઈન્સાનને બીજી બધી મખ્લુક ઉપર ફઝીલત આપી છે. અગર ઈન્સાન ખરેખર દરજ્જાઓની મહાનતા ઈચ્છે છે તો તેણે ઈલ્મ હાસીલ કરવું જોઈએ અને જેનો દરજ્જો અલ્લાહ મહાન કરે તેને કોણ નીચે કરી શકે છે!!

જંગે બદ્રમાં શહીદ થનારા મુજાહીદોનો દરજ્જો ઈસ્લામમાં ખુબ જ ઉચ્ચ છે. પરંતુ તે શહીદોના મહાન દરજ્જાનું વર્ણન કુરઆનમાં કરવામાં આવ્યું તો આ રીતે કરવામાં આવ્યું.

اُولٰٓئِكَ هُمُ الۡمُؤۡمِنُوۡنَ حَقًّا ؕ لَهُمۡ دَرَجٰتٌ عِنۡدَ رَبِّهِمۡ وَمَغۡفِرَةٌ وَّرِزۡقٌ كَرِيۡمٌ ۚ﴿۴﴾

*"આજ લોકો ખરેખર ઈમાન લાવનારાઓ છે અને તે ઈમાન લાવનારાઓ માટે ખુદાની બારગાહમાં દરજ્જાઓ છે, મગ્ફેરત છે અને ઈઝઝતવાળું રિઝક."*

(સુરએ અન્ફાલ-૮: ૪)

એટલે આ ઈમાન લાવનારાઓ બધા એક સરખા દરજ્જામાં નથી, તેઓમાં આપસમાં દરજ્જાઓ છે, એક શહીદને બીજા શહીદ ઉપર ફઝીલત અને મહાનતા મળી છે. અહીં ઈમાન લાવનારાઓમાં એક ને બીજા ઉપર ફઝીલત પ્રાપ્ત છે પરંતુ જ્યારે ખુદાવંદે આલમે ઈલ્મ ધરાવનારાઓનું વર્ણન કર્યું તો ત્યાં ફકત ફઝીલત અને મહાનતાનું જ વર્ણન કર્યું.

وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجٰتٍ ط

*"જેઓ ઈલ્મ ધરાવનારાઓ છે, તેઓ માટે ઉચ્ચ દરજ્જાઓ છે."*

એમ વર્ણન નથી કર્યું કે કયા લોકોની વચ્ચે. આનાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે ઈલ્મની ફઝીલત અલ્લાહની રાહમાં શહાદત કરતા પણ વધારે છે અને કેમ ન હોય, રિવાયતમાં છે કે હઝરત અબુ અબ્દીલ્લાહ ઈમામ સાદિક (અ.સ.) જઅફર બિન મોહમ્મદ (અ.સ.) એ ઈરશાદ ફરમાવ્યું છે:

عَنْ اَبِیْ عَبْدِ اللهِ الصَّادِقِ جَعْفَرِ بْنِ مُحَمَّدٍ عَلَيْهِ السَّلَام
قَالَ اِذَا كَانَ يَوْمُ الْقِيَامَةِ جَمَعَ اللهُ عَزَّ وَ جَلَّ
النَّاسَ فِیْ صَعِيْدٍ وَاحِدٍ وَ وُضِعَتِ الْمَوَازِيْنُ
فَتُوْزَنُ دِمَاءُ الشُّهَدَاءِ مَعَ مِدَادِ الْعُلَمَاءِ فَيُرَجَّحُ
مِدَادُ الْعُلَمَاءِ عَلٰى دِمَاءِ الشُّهَدَاءِ

***‘કયામતના દિવસે અલ્લાહ અઝઝ વ જલ્લ લોકોને એક મયદાનમાં ભેગા કરશે અને ત્રાજવું મુકવામાં આવશે. શહીદોના ખુનને આલીમોની શાહીની સામે તોળવામાં આવશે. પછી આલીમોના કલમની શાહી શહીદોના ખુન કરતા ભારે હશે.’***

(મન લા યહઝોરોહુલ ફકીહ, ભાગ-૪, પા. ૩૯૮, હ. ૫૮૫૩)

આનું કારણ કદાચ એ હોય કે આલીમના મૃત્યુ બાદ પણ તેમની કલમની શાહીથી હજારો અને લાખોની હિદાયત થતી રહે છે. હજારો વર્ષ જુની કિતાબો આજે પણ હિદાયતનું માધ્યમ છે.

ખુદાવંદે આલમે કુરઆને મજીદમાં પાંચ જગ્યાએ ઈલ્મ ધરાવનારાઓની ફઝીલત અને વખાણ વર્ણવ્યા છે.

## ૧) તૌહીદઃ

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ

***“અલ્લાહ ગવાહી આપે છે કે બેશક અલ્લાહ સિવાય કોઈ મઅબુદ નથી અને મલાએકા અને ઈલ્મ ધરાવનારાઓ પણ આજ ગવાહી આપે છે.”***

(સુરએ આલે ઈમરાન-૩ઃ ૧૮)

આ આયત એ વાત તરફ પણ ઈશારો કરે છે કે જેનું ઈલ્મ અલ્લાહની મઅરેફત હાસીલ કરવાનું માધ્યમ ન હોય, તેનું ઈલ્મ, ઈલ્મ નથી પરંતુ તે ભણેલો ગણેલો જાહીલ છે.

## ૨) નબુવ્વતઃ

જ્યારે કાફીરોએ રસુલે ખુદા (સ.અ.વ.)ની રિસાલતનો ઈન્કાર કર્યો તો અલ્લાહે ગવાહ તરીકે પોતાનું અને તે ઝાતનું વર્ણન કર્યું (અમીરૂલ મોઅમેનીન અ.સ.) જેમને કિતાબનું ઈલ્મ આપવામાં આવ્યું છે.

وَيَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْا لَسْتَ مُرْسَلًا ؕ قُلْ كَفٰى بِاللّٰهِ
شَهِيْدًاۢ بَيْنِيْ وَبَيْنَكُمْ ۙ وَمَنْ عِنْدَهٗ عِلْمُ الْكِتٰبِ ﴿٤٣﴾

*"કાફીરો એમ કહે છે કે તમે રસુલ નથી. તમે કહી દો અમારી અને તમારી વચ્ચે મારી રિસાલતની ગવાહી માટે અલ્લાહ કાફી છે અને તે શખ્સ કાફી છે જેની પાસે આખી કિતાબનું ઈલ્મ છે."*

(સુરએ રઅદ-૧૩: ૪૩)

## ૩) નમ્રતાઃ

قُلْ اٰمِنُوْا بِهٖۤ اَوْ لَا تُؤْمِنُوْا ؕ اِنَّ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ
مِنْ قَبْلِهٖۤ اِذَا يُتْلٰى عَلَيْهِمْ يَخِرُّوْنَ لِلْاَذْقَانِ سُجَّدًا ۙ﴿١٠٧﴾
وَّيَقُوْلُوْنَ سُبْحٰنَ رَبِّنَاۤ اِنْ كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُوْلًا ﴿١٠٨﴾
وَيَخِرُّوْنَ لِلْاَذْقَانِ يَبْكُوْنَ وَيَزِيْدُهُمْ خُشُوْعًا ﴿١٠٩﴾

*"તમે તે લોકોને કહી દો કે તમે ઈમાન લાવો કે ન લાવો, બેશક તે લોકો કે જેમને પહેલેથી ઈલ્મ આપવામાં*

*આવ્યું છે જ્યારે તેમની સામે અલ્લાહની આયતોની તિલાવત કરવામાં આવે તો તેઓ સજદામાં પડી જાય છે અને કહે છેઃ પાક છે તે ઝાત જે અમારા પરવરદિગારની છે અને અમારા રબનો વાયદો જરૂર પુરો થશે. તે લોકો સજદામાં પડી જાય છે અને રડે છે અને તેમના ખુશુઅમાં વધારો થતો રહે છે.''*

(સુરએ બની ઈસ્રાઈલ-૧૭ઃ ૧૦૭-૧૦૯)

તે ઈલ્મ છે જેનાથી ખુદાનો ખૌફ, તેની બારગાહમાં સજદાઓ કરવા, તેની અઝમતની સામે ગીર્યા અને નમ્રતાથી વર્તવું, પોતાની તમામ ઈબાદતો અને નેકીઓ છતાં અલ્લાહ સામે પોતાને તુચ્છ સમજવું અને નરમાશથી વર્તવું.

ઈલ્મની એક ઓળખાણ નરમાશ અને વિનમ્રતા છે. અગર કોઈ પાસે નરમાશ અને વિનમ્રમતા નથી તો તેના ઈલ્મનો સંબંધ ખુદા અને રસુલ (સ.અ.વ.) સાથે નથી. જેટલું અલ્લાહની આયતોનું ઈલ્મ વધતું જશે તેટલો જ નરમાશમાં વધારો થતો જશે. ખૌફે ખુદા, ગુનાહોથી ડર તો વાસ્તવમાં અઝાબ અને સઝાથી ડર છે. ખૌફે ખુદા એટલે ખુદાની અઝમતોની સામે સંપૂર્ણ પ્રયત્નો અને કોશિષ કરવા પછી પણ એ યકીન હોવું કે બધી જ ઈબાદતો, આમાલ, ઈમાન અને યકીન અલ્લાહની બારગાહને લાયક નથી. અગર તે કબુલ કરી લે તો તેનો ફઝલ છે નહીંતર આપણે કોઈ વસ્તુના હક્કદાર નથી.

## ૪) ખુદાનો ખૌફ:

إِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا

*"ખરેખર ફકત આલીમોજ અલ્લાહથી ડરે છે."*

(સુરએ ફાતીર–૩૫: ૨૮)

જેટલો ઈલ્મ (અને તકવા)માં વધારો થતો જશે એ અનુભૂતિ પરિપકવ થતી જશે કે ખુદાવંદે આલમની મહેરબાની વગર આપણે એક ક્ષણ પણ બાકી નથી રહી શકતા. આપણે આપણી ઝીંદગીમાં કોઈપણ વસ્તુના માલીક નથી. આપણે શું આખી દુનિયા પોતે પણ કોઈ વસ્તુની માલીક નથી. અગર અલ્લાહ તઆલાની નીગાહે કરમ એક ક્ષણથી પણ ઓછા સમય માટે હટી જાય તો બધું જ તબાહ અને બરબાદ થઈ જાય. આજ કારણે અભિમાન અને ઘમંડ જેહાલતની નિશાની છે, ઈલ્મની નહીં.

## ૫) પયગમ્બર (સ.અ.વ.)ની દોઆ:

પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ને ખુદાવંદે આલમે હુકમ આપ્યો: તમે તમારા ઈલ્મમાં વધારો થવા માટે દોઆ માંગો.

وَقُلْ رَّبِّ زِدْنِيْ عِلْمًا ﴿١١٤﴾

*"પરવરદિગાર! મારા ઈલ્મમાં વધારો કર."*

(સુરએ તાહા–૨૦: ૧૧૪)

એક જગ્યાએ આ રીતે ઈરશાદ ફરમાવ્યું:

وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ۭ وَكَانَ فَضْلُ اللّٰهِ

عَلَيْكَ عَظِيْمًا﴿۱۱۳﴾

***“ખુદાવંદે આલમે તમને તે વાતોની તાલીમ આપી જે તમે જાણતા ન હતા અને તમારા પર અલ્લાહની મહાન મહેરબાની છે.”***

(સુરએ નીસા-૪: ૧૧૩)

ઈલ્મમાં વધારો થવાની દોઆ કરવું અને અલ્લાહનું તાલીમ આપવું અને તેના પછી ‘મહાન મહેરબાની’નું વર્ણન એ હકીકત તરફ ઈશારો કરે છે કે ઈલ્મ તે મહાન નેઅમત છે જેમાં વધારો કરવા માટે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) દોઆ કરી રહ્યા છે અને અલ્લાહે તે તાલીમને ‘મહાન મહેરબાની’ તરીકે વર્ણવી છે.

અગર આજે મુસલમાન અને ઈમાન લાવનારાઓ કુરઆને કરીમની ચિંતન મનન સાથે તિલાવત કરતે, આયતોમાં મવજુદ અલ્લાહના પયગામને સમજવાનો પ્રયત્ન કરતે અને એ જાણવાની તકલીફ ઉપાડતે કે તેમનો ખાલીક તેમનાથી શું ઈચ્છે છે? તો આજે ઈલ્મના મયદાનમાં મુસલમાનો જ મુસલમાનો હોત અને બીજાઓ તેમની ઈલ્મી શોધોથી લાભ ઉઠાવત અને બધા તેમના આભારી હોત.

## એહલેબૈત (અ.મુ.સ.):

જેમના ઘરોમાં કુરઆને કરીમ નાઝીલ થયું અને જે શખ્સીયતો અલ્લાહના કલામના સાચા મુખાતબ હતા તેમના કલામોમાં ઈલ્મનું એટલી હદે વર્ણન છે કે જેના માટે એક દાએરતુલ મઆરીફની જરૂરત છે. નીચે એહલેબૈત (અ.મુ.સ.)ના નુરાની કલામોમાંથી અમુક રજુ કરવાની ખુશબખ્તી પ્રાપ્ત કરીએ છીએ.

૧) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની આ હદીસ બધાની ઝબાનો પર છેઃ

طَلَبُ الْعِلْمِ فَرِيضَةٌ عَلَى كُلِّ مُسْلِمٍ

***‘ઈલ્મ હાસીલ કરવું દરેક મુસલમાન પર વાજીબ છે.’***

(બસાએરૂદ દરજાત, ભાગ-૧, પા. ૨)

જેવી રીતે નમાઝ, રોઝા વગેરે વાજીબ છે તેવી જ રીતે ઈલ્મ હાંસીલ કરવું પણ વાજીબ અને જરૂરી છે.

૨) અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ફરમાવે છેઃ

***‘અય લોકો! ખુબ સારી રીતે જાણી લો કે દીનનો કમાલ ઈલ્મ હાંસીલ કરી તેના પર અમલ કરવામાં છે. હા, ખરેખર ઈલ્મ હાંસીલ કરવું એ માલ હાસીલ કરવા કરતા વધારે જરૂરી છે અને વાજીબ છે. એટલા માટે કે માલની વહેંચણી કરી નાખવામાં આવી છે અને તેની ઝમાનત પણ લઈ લેવામાં આવી છે. એક આદીલે માલ તમારી વચ્ચે વહેંચી દીધો છે અને તેની ઝમાનત પણ લઈ લીધી છે.***

***પરંતુ ઈલ્મ સાહેબે ઈલ્મ પાસે ખઝાનાની જેમ સુરક્ષીત છે અને તમને હુકમ આપવામાં આવ્યો છે કે તમે તેને સાહેબાને ઈલ્મ પાસેથી હાંસીલ કરો.’***

(કાફી, ભાગ-૧, પા. ૩૦)

મૌલાએ કાએનાત ફરમાવી રહ્યા છે કે ઈલ્મ હાસીલ કરવું એ માલ હાસીલ કરવા કરતા વધારે વાજીબ છે. આજે આપણી હાલત એ છે કે માલ હાસીલ કરવા પર આપણું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત છે

અને દિવસ રાત ફકત તેની જ ચિંતા છે અને અગર ઈલ્મ હાસીલ પણ કરી રહ્યા છીએ તો આલીમ બનવા કે અમલ કરવા માટે નહીં બલ્કે માલ હાસીલ કરવા માટે. એટલા માટે આજે એ ઈલ્મો પર વધારે ધ્યાન આપવામાં આવી રહ્યું છે જે અખ્લાક, અદબ અને ઈન્સાનીય્યતમાં વધારાનું કારણ હોય કે ન હોય પરંતુ માલમાં વધારાનું કારણ જરૂર હોય. ઈલ્મ માલ માટે હાસીલ કરવામાં આવી રહ્યું છે જેની અસર એ છે કે ડીગ્રીઓ અને ઈનામોથી ઘરની દિવાલો સુસજ્જ છે પરંતુ દીલની દુનિયા અખ્લાક અને અદબથી ખાલી છે. બહાર આબાદી છે પરંતુ ઘરની અંદર વિરાની છે.

૩) અલ્લાહ તરફથી નિયુકત મોઅલ્લીમ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની તે હદીસના એકે એક વાકયો પર ખુબ જ ધ્યાન આપો. એ વાત ધ્યાનમાં રહે કે આ કોઈ રાજકીય નેતા કે શિક્ષણમંત્રીનું બયાન નથી. બલ્કે આ તે પવિત્ર ઝાતનું બયાન છે જેમની ખિદમતમાં આપણા આમાલ પેશ કરવામાં આવે છે અને જે દુનિયા અને આખેરતમાં આપણા તમામ આમાલોના ગવાહ છે. અગર આપણે તેમના ફરમાનો પર અમલ કરીશું તો તેઓ જરૂર ખુશ થશે, આપણને દોઆઓ આપશે, આપણી શફાઅત કરશે અને અગર તેના પર અમલ નહીં કરીએ તો આપણે તેમની નારાઝગીનું કારણ બનીશું. આપ (સ.અ.વ.) ફરમાવે છે:

*‘ઈલ્મ હાસીલ કરવું દરેક મુસલમાન પર લાઝીમ અને જરૂરી છે. ઈલ્મ તેની જગ્યાએથી હાસીલ કરો, સાહેબાને ઈલ્મને પુછો કારણ કે અલ્લાહની ખુશી માટે ઈલ્મ હાસીલ કરવું નેકી છે, તેને તલબ કરવું ઈબાદત છે. આપસમાં તેનું વર્ણન કરવું તસ્બીહ છે અને તેના પર અમલ કરવું જેહાદ છે. જે નથી જાણતો તેને શીખવવું સદકો છે. જે તેના*

હક્કદાર છે તેને અતા કરવું અલ્લાહની નઝદીકીનું કારણ છે. કારણ કે તેના વડે જ હલાલ અને હરામને ઓળખી શકાય છે. તે જન્નતના રસ્તાનો મીનારો છે. વહેશતમાં સાથીદાર છે. ગુરબત અને એકલાપણામાં દોસ્ત છે. એકાંતમાં વાત કરનાર છે. આસાનીઓ અને સખ્તીઓમાં માર્ગદર્શન આપનાર છે. દુશ્મનોની વિરૂધ્ધ હથિયાર છે અને દોસ્તોની દરમ્યાન શણગારનું કારણ છે. ખુદાએ તેના વડે અમુક કૌમોને બુલંદી અતા કરી, તે ખૈર તરફ આગેવાની કરનારા છે, તેઓની અસરો (ચિહનો)ને શોધવામાં આવે છે, તેઓના આમાલનું અનુસરણ કરવામાં આવે છે, તેઓના દ્રષ્ટિકોણને તસ્લીમ કરવામાં આવે છે, ફરીશતાઓ જેમની દોસ્તીની તમન્ના કરે છે, પોતાની પાંખોને તેમનાથી મસ કરે છે, પોતાની નમાઝો અને દોઆઓમાં તેમના માટે બરકત તલબ કરે છે. દરેક સુકુ અને ભીનું તેઓના માટે ઈસ્તીગ્ફાર કરે છે. ત્યાં સુધી કે દરિયાની માછલીઓ અને જાનવરો, ઝમીન પરના વિકરાળ પ્રાણીઓ અને ચોપગા પ્રાણીઓ પણ તેમના માટે ઈસ્તીગ્ફાર કરે છે.

ખરેખર ઈલ્મ દીલને જેહાલતની મૌતથી ઝીંદગી અતા કરે છે, અંધકારમાં આંખોને નૂર અતા કરે છે. કમઝોર શરીરને કુવ્વત અને તાકત અતા કરે છે. બંદાને નેક કામો કરનારની ઉચ્ચ મંઝીલ સુધી પહોંચાડે છે, નેક લોકોનો સંગાથ અતા કરે છે, દુનિયા અને આખેરતમાં ઉચ્ચ દરજ્જાનું કારણ બને છે. તેનું વર્ણન કરવું, આપસમાં ઈલ્મી ચર્ચા કરવી રોઝા રાખવા બરાબર છે. દર્સ લેવો અને

*આપવો એ આખી રાત ઈબાદત કરવાનો દરજ્જો ધરાવે છે. તેના જ વડે અલ્લાહની ઈતાઅત અને ઈબાદત થાય છે, સીલે રહેમ કરવામાં આવે છે, હલાલ અને હરામની પરખ થાય છે, ઈલ્મ માર્ગદર્શક અને ઈમામ છે, અમલ તેની પાછળ પાછળ ચાલે છે. ખુશબખ્ત અને નસીબદાર લોકોને તે ઈલ્હામ કરવામાં આવે છે. ખરાબ અને બદબખ્ત લોકો તેનાથી વંચિત રહે છે. ખુશકિસ્મત છે તેઓ જેને અલ્લાહ ઈલ્મથી વંચિત ન રાખે.'*

(આમાલીએ શૈખ તુસી, ભાગ-૨, પા. ૧૦૨-૧૦૩)

આ મહાન હદીસના એક એક વાકય પર ચિંતન મનન કરો. ઈલ્મ નેકી છે, ઈબાદત છે, તસ્બીહ છે, જેહાદ છે, સદકો છે, અલ્લાહથી નઝદીકી છે, જન્નતની નિશાની છે, માર્ગદર્શક છે, હથિયાર છે, શોભા છે, પ્રગતિનો દરજ્જો છે, ફરીશ્તાઓ સાથે દોસ્તીનું કારણ છે, બધી મખ્લુકની દોઆઓમાં શામીલ થવાનું માધ્યમ છે, ઝીંદગી છે, નૂર છે, કુવ્વત છે, તાકત છે, રોઝા છે, રાત્રીની ઈબાદત છે વિગેરે...

અને અગર ઈલ્મ નથી તો આ બધી વસ્તુથી મહેરૂમીનું કારણ છે. આમાંથી કઈ વસ્તુ એવી છે જેની અવગણના કરી શકાય? અને કોના મહત્ત્વનો ઈન્કાર કરી શકાય છે?

૨) હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ફરમાવે છેઃ

*'અગર લોકોને એ ખબર પડે કે ઈલ્મ હાસીલ કરવામાં શું સવાબ છે અને તેના શું દરજ્જાઓ છે, તો તેઓ ઈલ્મ હાસીલ કરતે ભલે પછી તેના માટે લોહી વહાવવું પડે અથવા દરીયાના ઉંડાણમાં સફર કરવી પડે.*

*ખુદાવંદે આલમે જ. દાનીયાલ પયગમ્બર પર વહી કરીઃ હું જાહીલને, ઈલ્મ ધરાવનારાઓનું અપમાન કરનારાઓને અને આલીમોનું અનુસરણ ન કરનારા બંદાને સૌથી વધારે નાપસંદ કરૂં છું અને તે બંદાઓ મારા પ્રિય બંદાઓ છે જેઓ મુત્તાકી છે, સવાબ તલબ કરી રહ્યા છે, આલીમોની સાથે સાથે રહે છે, હાકીમોની વાતોને કબુલ કરે છે અને સહનશીલ માણસની પૈરવી કરે છે.'*

(કાફી, ભાગ-૧, પા. ૩૫)

૫) હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

*'તમારા માટે લાઝીમ અને જરૂરી છે કે દીન વિષે ઉંડી અને કાયદેસરની જાણકારી પ્રાપ્ત કરો અને બદ્દુ અરબ ન બનો. જે શખ્સ દીન વિષે ઉંડી અને કાયદેસરની જાણકારી પ્રાપ્ત નહી કરે તો કયામતમાં અલ્લાહ તેની તરફ નઝર પણ નહી કરે અને ન તો તેના આમાલને પાક કરાર દેશે.'*

(કાફી, ભાગ-૧, પા. ૩૧)

જ્યારે પવિત્ર દીને ઈસ્લામમાં ઈલ્મની આટલી બધી ફઝીલત અને મહત્ત્વ છે તો મુસલમાને ઈલ્મનાં મયદાનમાં બીજાઓથી આગળ ન વધે તો કંઈ નહી પરંતુ તેઓની બરાબર પણ કેમ નથી આવતો? તેના અમુક કારણો છે.

૧) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાત પછી લગભગ ૧૦૦ વર્ષ સુધી હદીસો બયાન કરવા પર પાબંદી હતી. ફકત કુરઆનની તિલાવત પર ભાર મુકવામાં આવતો. ચિંતન અને રીસર્ચ (સંશોધન)ની પરવાનગી ન હતી. મુસલમાનો ઈલ્મના રસ્તાથી દૂર થઈ ગયા હતા.

૨) એહલેબૈત (અ.મુ.સ.) જેઓ ઈલ્મનું કેન્દ્ર હતા, ઈલ્મની હયાત હતા, બધા જ ઈલાહી ઈલ્મો જેમની પાસે હતા તેમને ઘરમાં કૈદ કરી લેવામાં આવ્યા અને તેવા લોકોને પ્રોત્સાહીત કરવામાં આવ્યા જેઓ એહલેબૈત (અ.મુ.સ.)ના આફતાબે ઈલ્મની સામે કણ બરાબર પણ હયસીયત ધરવતા ન હતા. હજ્જના સમયે બીજાઓને મસઅલાઓ બયાન કરવાની પરવાનગી હતી પરંતુ એહલેબૈત (અ.મુ.સ.)ને પરવાનગી ન હતી.

૩) હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) અને હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને ખુબજ ટુંકી મુદ્દતનો સમય ઈલ્મ બયાન કરવા માટે મળ્યો. આટલી ટુંકી મુદ્દતનું પરિણામ એ છે કે કિતાબો રિવાયતોથી ભરેલી છે. રિવાયતોનો આટલો મોટો ખઝાનો બીજા કોઈ ઈસ્લામી ફીર્કા પાસે નથી.

૪) આ બે ઈમામો (અ.મુ.સ.) સિવાય બીજા ઈમામોનું જીવન અને ખુદ આ બન્ને ઈમામોનું જીવન પણ મોટે ભાગે નઝર કૈદ અથવા તો કૈદખાનામાં વીત્યું. એ સ્પષ્ટ છે કે અગર સુરજને કૈદ કરી દેવામાં આવે તો દુનિયામાં અંધારૂ તો રહેવાનું.

૫) શરૂઆતથી આજ સુધી એહલેબૈત (અ.મુ.સ.) અને તેમના ચાહનારાઓ ઉપર હંમેશા ઝુલ્મ થતા રહ્યા છે. કાલે બની ઉમૈયા, બની અબ્બાસ અને બીજી હુકુમતો અને બાદશાહો હતા તો આજે બીજા સ્વરૂપમાં તેમના અનુયાયીઓ છે.

૬) રસ્મો રિવાજની નકામી પાબંદીઓ એટલી હદ સુધી મુસલમાનોનાં સ્વભાવમાં હળીમળી ગઈ છે કે હજારો રૂપિયા તેની પાછળ ખર્ચી શકે છે પરંતુ દીની અને દુન્યવી ઈલ્મ હાસીલ કરવા માટે પૈસા ખર્ચ નથી કરતા. આજે પણ આ

સિલસિલો ચાલુ છે. અગર રસ્મ અને રિવાજ પર ખર્ચ ન કર્યો તો સમાજમાં નાક કપાઈ જશે, બાળક જાહીલ રહેશે તો ઈઝઝત મળશે!! આજે જે બાળકો ઈલ્મથી વંચિત છે તેનું કારણ મા-બાપની ગરીબી નથી બલ્કે તેમની જેહાલત છે અને તે જેહાલતથી અજાણ હોવું છે.

૭) રમત ગમતમાં વિજય મેળવનારાઓને ઈન્આમ અને તોહફાઓથી સન્માનીત કરવામાં આવે છે. જ્યારે કે ઈલ્મનાં ક્ષેત્રમાં સિધ્ધિ મેળવનારાઓને કોઈ પુછતું પણ નથી.

૮) સ્કૂલ કરતા વધારે સંસ્થાની સજાવટની ચિંતા હોય છે. ઘરોમાં ગ્રેનાઈટ, એ.સી. અને ઝુમર લગાવવા ઉપર ભાર આપવામાં આવે છે પરંતુ ધાર્મિક સંસ્થાની કોઈ ચિંતા નથી હોતી. મકાનને સુશોભિત કરવામાં આવે છે પરંતુ તેમાં રહેનારાઓથી લાપરવાહી વર્તવામાં આવે છે.

૯) મજલીસો અને મહેફીલોમાં મેણા-ટોણાંવાળા બયાનને વધારે પસંદ કરવામાં આવે છે પરંતુ સુધારાત્મક વર્ણનને આવકારવામાં નથી આવતું.

૧૦) ફકત સ્કૂલમાં નામ લખાવી દેવાથી કે ફી ભરી આપવાથી જવાબદારી પુરી નથી થઈ જતી. જેવી રીતે એક સારી ઝમીનમાં સારૂં બીજ વાવી દેવાથી સારો પાક તૈયાર નથી થઈ જતો બલ્કે ડગલેને પગલે તેની સારસંભાળ લેવી જરૂરી છે, તેની સાર સંભાળ રાખવાથી પાક તૈયાર થાય છે અને ફળો આવે છે. તેવી જ રીતે સ્કૂલનાં શિક્ષણથી લઈને કોલેજ અને યુનિવર્સિટીની તાલીમ સુધી પોતાના બાળકોની દેખરેખ જરૂરી છે. તેમાં ઘરનો માહોલ અને માતાનું ધ્યાન ખુબજ મહત્ત્વનો ભાગ ભજવે છે.

સંસ્થા ફકત ફી ભરી આપે છે પરંતુ ઘરનો માહોલને શૈક્ષણિક અને અખ્લાકી બનાવવો તે માતા-પિતાની અને ખાસ કરીને માં ની જવાબદારી છે સંસ્થાઓની નહી. એહલેબૈત (અ.મુ.સ.) એ ઈલ્મની મહાનતાનાં પ્રકરણમાં ઘણી હદીસો બયાન કરી છે. અગર આપણે તેને ફકત જુલુસોમાં જ લખીએ તો તેનો હક અદા નથી કરી શકતા. અહી આપણે તે હદીસો ઉપર જ સંતોષ માનીએ છીએ જે બયાન કરી ચુકયા છીએ.

## કયુ ઈલ્મ?

એક સવાલ એ છે કે પવિત્ર દીને ઈસ્લામે ઈલ્મનાં પ્રાપ્ત કરવાને એટલું જરૂરી અને લાઝીમ કરાર દીધુ છે કે દરેક પર વાજીબ કરાર દીધું અથવા તેને પ્રાપ્ત કરવું માલના પ્રાપ્ત કરવા કરતા વધારે મહત્ત્વપૂર્ણ ગણ્યું છે તો તે કયુ ઈલ્મ છે? તેના વિષે આલીમોએ ઘણી વાતો બયાન કરી છે.

કોઈ ઈલ્મના વાજીબ હોવા કે ન હોવાનું માપદંડ એ છે કે એ ઈલ્મ કે જે ઈસ્લામી ઉમ્મત માટે લાઝીમ અને જરૂરી છે અને તેનું પ્રાપ્ત કરવું વાજીબ છે. તે તમામ ઈલ્મો જે ઈસ્લામી ઉમ્મતનાં દુનિયા અને આખેરત માટે ફાયદાકારક અને સુધારણા માટે લાઝીમ અને જરૂરી છે તેને પ્રાપ્ત કરવું વાજીબ છે. શકય છે કે અમૂક ઈલ્મો એટલી હદે લાઝીમ અને જરૂરી હોય કે તેને હાસીલ કરવું વાજીબે અય્ની હોય અને બીજા અમુક ઈલ્મો વાજીબે કીફાઈ હોય અને બીજા ઈલ્મો જે એટલી હદ સુધી જરૂરી ન હોય તો તે મુસ્તહબ અને મુબાહના સમૂહમાં આવે.

(મોહજ્જતુલ બયઝાઅ, ભાગ-૧, પા. ૪૩)

એમાં કોઈ શક નથી કે ખુદાવંદે આલમ દરેક ક્ષેત્રમાં મુસલમાનોને ઉચ્ચ મરતબા ઉપર જોવા માંગે છે. કુરઆને કરીમમાં ખુદા ઈરશાદ ફરમાવે છેઃ

وَلَنْ يَّجْعَلَ اللّٰهُ لِلْكٰفِرِيْنَ عَلَى الْمُؤْمِنِيْنَ سَبِيْلًا ﴿١٤١﴾

*“ખુદાવંદે મોતઆલ હરગીઝ એ પસંદ નથી કરતો કે ગૈરે મુસ્લીમને મુસલમાનો અને ઈમાન લાવનારાઓ ઉપર ઉચ્ચતા મળે.”*

(સુરએ નીસા–૪ઃ ૧૪૧)

ખુદાવંદે આલમ કોઈપણ સ્થિતિમાં ઈમાન લાવનારાઓને બીજાઓના હાથ નીચે જોવાનું પસંદ નથી કરતો. તે ચાહે છે કે તેના ઉપર ઈમાન લાવનારાઓ હંમેશા તે લોકો કરતા ઉચ્ચ રહે જેઓ તેને તસ્લીમ નથી કરતા.

આ ઉચ્ચતા ત્યારે જ શકય છે જ્યારે સમયની બધી જ જરૂરતોને ધ્યાનમાં રાખીને ઝમાનાની જરૂરતોને ધ્યાનમાં રાખીને દરેક ક્ષેત્રમાં એટલી હદે પ્રગતિ કરવામાં આવે કે દરેક ક્ષેત્રમાં પગભર (સ્વતંત્ર) હોય અને કોઈની નીચે ન હોય. આ સ્વતંત્રતા, આ ઉચ્ચતા, આ બલંદી, આ મરતબો ત્યારે જ શકય છે કે જ્યારે મુસલમાન ઈલ્મના મૈદાનમાં આગળ હોય અને ઈલ્મ હાસીલ કરવાને ન ફકત એક દુન્યવી અને આર્થિક જરૂરત કરાર દે બલ્કે તેને નમાઝ રોઝાની જેમજ વાજીબ સમજે.

આ ઈલ્મો ફકત અકાએદ, એહકામ, અખ્લાક, ઈતિહાસ, હદીસ, તફસીર... વગેરે પુરતું જ મર્યાદીત નથી. મુસલમાનોએ ન ફકત આજ ક્ષેત્રોમાં કુશળતા હાસીલ કરવી પરંતુ રાજનીતિ,

અર્થશાસ્ત્ર, મેડીકલ, સાયન્સ, ટેકનોલોજી બલ્કે તે તમામ ક્ષેત્રોમાં કુશળતા મેળવવી જોઈએ જે ઈન્સાની ઝીંદગી માટે લાઝીમ અને જરૂરી છે. આ બધા ક્ષેત્રોમાં તે સૌથી આગળ હોવો જોઈએ. બીજાઓના રીસર્ચ અને અનુભવો ઉપરથી ફાયદો મેળવવા કરતા ખુદ પોતાના રીસર્ચ અને અનુભવોથી બીજાઓને ફાયદો પહોંચાડવો જોઈએ.

કુરઆને કરીમની ફકત આ એક જ આયત મુસલમાનોની ગયરતને બેદાર કરવા, તેમની રગોમાં ઈઝઝત અને શરફનું પવિત્ર ખુન દોડાવવા માટે, તેઓને સક્રીય કરવા માટે પુરતી છે. તેઓ અલ્લાહની તૌફીકો અને તેની મહેરબાનીઓ ઉપર ભરોસો રાખીને ઉભા થાય અને એક વિશાળ વૈશ્વિક ઈલ્મી ક્રાંતિ લાવી દે. બીજાઓની ઈલ્મી ગુલામીની સાંકળોને તોડીને ઈલ્મનો તાજ પોતાના માથા પર રાખે અને દુનિયાને બતાવી દે કે જ્યારે ઈમાન ધરાવનારા લોકો ઈલ્મી ક્ષેત્રમાં આગળ વધે અને માર્ગદર્શક હોય આગેવાનીનો તાજ તેમના માથાઓની શોભા બને; તો ગૈર મુસ્લીમ ભાઈઓની જેમ ઝીંદગી પસાર કરે છે, ગુલામોની જેમ નહી. કારણકે મુસલમાન એ વાત ઉપર સંપૂર્ણ યકીન રાખે છે કે ગૈરે મુસ્લીમ પણ એજ ખુદાના બંદાઓ છે જેની બારગાહમાં માથુ જુકાવવાને મુસલમાન પોતાની દીની ફરજ અને ઈઝઝત કરાર દે છે.

આ પગલાઓ માટે ઈમાન લાવનારાઓએ પોતાના માધ્યમોની કમીથી ગભરાવવુ અને ડરવું ન જોઈએ કારણકે ખુદાવંદે આલમનો એ વાયદો છેઃ

وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ۭ وَاِنَّ اللّٰهَ لَمَعَ الْمُحْسِنِيْنَ ﴿٦٩﴾

***''જે લોકો અમારી રાહમાં કોશિશ કરે છે, પગલા માંડે છે અમે જરૂર બીલ જરૂર તેમને અમારા રસ્તાઓની તરફ માર્ગદર્શન કરીશું.''***

(સુરએ અન્કબુત-૨૯: ૬૯)

પગલું માંડવું આપણું કામ છે, માધ્યમો ઉભા કરવા, સંજોગો સાનુકુળ બનાવવા અલ્લાહનું કામ છે અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે અને તે પોતાના વાયદાનો પાક્કો છે.

અગર આપણે મુસલમાનો ઈમાન અને તકવાની સાથે ઈલ્મના મૈદાનમાં પગલા માંડીએ, આગળ વધીએ તો પછી તે ઈઝઝત અને મરતબાને મેળવી શકીશું જે રસુલુલ્લાહ (સ.અ.વ.)ના ઝમાનામાં લોકોએ મેળવ્યા હતા.

આ બધીજ બાબતો ખુબજ મહત્ત્વની અને જરૂરી છે પરંતુ જે ઈલ્મનું હાસીલ કરવું દરેક મુસલમાન ઉપર વાજીબ છે તેનાથી મુરાદ આ જ બધા ઈલ્મો છે. એમાં કોઈ શક નથી કે મુસલમાનોએ બધા જ જરૂરી ઈલ્મી ક્ષેત્રોમાં નિપૂણ હોવું જોઈએ બલ્કે નિપૂણ લોકોમાં પણ નિપૂણ હોવું જોઈએ પરંતુ તે ઈલ્મ કે જેને હાસીલ કરવું દરેક મુસલમાન ઉપર વાજીબ છે તેનાથી આ બધા ઈલ્મો મુરાદ નથી કારણ કે

૧) ઈસ્લામમાં ફકત તે જ વસ્તુઓને વાજીબ કરાર દેવામાં આવી છે જે દરેકની ક્ષમતામાં હોય અને તેના ઉપર અમલ કરવું દરેક માટે શકય હોય. ઉભા રહીને નમાઝ પઢવી ફકત તે જ લોકો

ઉપર વાજીબ છે કે જેઓ ઉભા રહેવાની કુવ્વત ધરાવે છે. હજ્જ ફકત તે જ લોકો ઉપર વાજીબ છે કે જે તેની ઈસ્તેતાઅત ધરાવે છે. રોઝા તે લોકો ઉપર જ વાજીબ છે જે તેની તાકત ધરાવે છે. تَكْلِيْفُ مَالَا يُطَاقُ (શકિત વગર જવાબદારી) ઈસ્લામમાં નથી.

૨) દરેક વ્યકિતમાં એટલી કુશળતા અને આવડત નથી કે તે તે બધા ઈલ્મોને હાસીલ કરી શકે. દરેક શખ્સ ન તો ડોકટર બની શકે છે અને ન તો એન્જીનીયર. રાજનીતિ પણ દરેકના બસની વાત નથી.

શકય છે કે અહીં એ સવાલ ઉભો થાય કે અહીં વાજીબે અય્ની નહીં પરંતુ વાજીબે કીફાઈ મુરાદ છે. બધા ઉપર સામૂહિક રીતે વાજીબ છે, વ્યકિતગત રીતે નહી. મુસલમાનો ઉપર સામૂહિક રીતે વાજીબ છે.

જવાબ એ છે કે પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની હદીસે શરીફનો લહેજો કંઈક અલગ જ કહી રહ્યો છે. આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું:

طَلَبُ الْعِلْمِ فَرِيضَةٌ عَلَى كُلِّ مُسْلِمٍ

'દરેક મુસલમાન' એટલે એકેએક મુસલમાન. અહીં વ્યકિતગત રીતે વાજીબનો મસઅલો છે. સામૂહિક રીતે વાજીબ નથી. દરેક મુસલમાન માટે ઈલ્મ હાસીલ કરવું જરૂરી છે.

તે કયુ ઈલ્મ છે જેના વગર ઈન્સાનની પોતાની ઝીંદગી અધુરી છે. બીજા શબ્દોમાં કહીએ તો તે કયુ ઈલ્મ છે જેની જરૂરત ઈન્સાનને દરેક પગલે પડે છે.

તે ઈલ્મ અકાએદ, એહકામ અને અખ્લાકનું ઈલ્મ છે. અકાએદની તઅલીમ દરેક ઉપર એટલા માટે વાજીબ છે કે ઈન્સાન અકલી અને વૈચારીક રીતે સેરાતે મુસ્તકીમ ઉપર બાકી રહે. એહકામનું ઈલ્મ એટલા માટે જરૂરી છે કે અમલની મંઝીલ ઉપર સેરાતે મુસ્તકીમ ઉપર લાગેલો રહે અને અખ્લાકનું ઈલ્મ એટલા માટે જરૂરી છે કે આદતો અને રીતભાતમાં, વર્તણુંક અને અખ્લાકમાં સેરાતે મુસ્તકીમ ઉપર બાકી રહે. આ તે વસ્તુઓ છે, જે દરેક માટે લાઝીમ અને જરૂરી છે. કોઈ એક પણ પોતાની બદઅખ્લાકી અને ખરાબ કામો માટે બહાનું નથી કાઢી શકતો અને અખ્લાક અને આમાલ અલ્લાહની બારગાહમાં ત્યારે જ કદ્રો મંઝેલત ધરાવે છે જ્યારે તે સાચા અકીદાઓની સાથે હોય.

એટલા માટે જે ઈલ્મને હાસીલ કરવું દરેક મુસલમાનો અને ખાસ કરીને ઈમાન ધરાવનારાઓ ઉપર વાજીબ છે તે અકીદાઓનું ઈલ્મ છે જેમાં તૌહીદ, અલ્લાહની સીફતો, નબુવ્વત, ઈમામત અને કયામતનું ઈલ્મ શામેલ છે. ખાસ કરીને આજનાં ઝમાનામાં જ્યાં ચારે બાજુથી સોશીયલ મીડીયા અને ટેકનોલોજી વડે હુમલાઓ થઈ રહ્યા છે.

## ખુબજ મહત્ત્વનું:

શકય છે કે મગજમાં આ વાત આવે કે અકીદાઓ ઉપર વાંધાઓ અને વિરોધ એ કોઈ નવી બાબત નથી. આ સિલસિલો તો સદીઓથી ચાલ્યો આવે છે. આજે કઈ નવી આફત આવી પડી છે?

ખરેખર અકીદાઓ ઉપર અને ખાસ કરીને ઈમામત અને વિલાયત ઉપર વાંધા અને વિરોધ કોઈ નવી વાત નથી. પરંતુ કાલે જ્યારે આ વાંધાઓ ઉઠાવવામાં આવતા હતા તો યા તો કિતાબોમાં

અથવા તો તકરીરો દ્વારા ઉઠાવવામાં આવતા હતા. આ વાંધાઓ ફકત તે જ લોકો સુધી પહોંચતા હતા જેઓ તે કિતાબોને વાંચતા હતા અને તે તકરીરોને સાંભળતા હતા. કિતાબો પણ એક મર્યાદીત સંખ્યામાં પ્રકાશિત થતી હતી અને તકરીરોમાં પણ અમુક ખાસ લોકો જ જતા હતા. વાંધાઓ હતા પરંતુ તેની અસરો સિમિત હતી. દરેક લોકો સુધી તે વાંધાઓ પહોંચતા ન હતા.

આજના આધુનિક યુગમાં માહીતી પહોંચાડવાના માધ્યમો એટલા સામાન્ય થઈ ગયા છે કે દરેકની પહોંચમાં છે. આજે દરેક ઈન્સાન ઈન્ટરનેટ વાપરી રહ્યો છે. એક વાત ક્ષણમાં આખી દુનિયામાં ફેલાઈ જાય છે અને તેની અસરો કિતાબો અને તકરીરો કરતા વધારે છે. કાલે ન તો દરેક ઈન્સાન કિતાબ લખી શકતો હતો અને ન તેને છપાવી શકતો હતો. પરંતુ આજે દરેક શખ્સ વોટસઅપ, વગેરે ઉપર પોતાનો અભિપ્રાય આપી શકે છે અને એક ક્ષણમાં પોતાની વાત આખી દુનિયામાં ફેલાવી શકે છે.

એ વાત પણ છુપી ન રહે કે આજે ઈમામત અને વિલાયતે એહલેબૈત (અ.મુ.સ.)ની નવી નવી વ્યાખ્યાઓ થઈ રહી છે અને નવા નવા વાંધાઓ ઉઠાવવામાં આવી રહ્યા છે. એહલેબૈત (અ.મુ.સ.)ની ઈમામત અને વિલાયત એ મહત્ત્વપૂર્ણ અકીદો છે જેના વગર ન તો તૌહીદ સંપૂર્ણ થાય છે અને ન નબુવ્વત અને કયામત. અગર એહલેબૈત (અ.મુ.સ.)ની ઈમામત અને વિલાયતના કિંમતી મોતીની રક્ષા કરવા ચાહીએ છીએ, દીલો દીમાગ અને વિચાર અને અકીદાની દુનિયાને તે કિંમતી ખઝાનાથી ભરેલા રાખવા ચાહીએ છીએ તો જરૂરી છે કે અકાએદની સુવ્યવસ્થિત રીતે તાલીમ હાસીલ કરીએ. આ બાબતે આપણી બેદરકારી આવનારી પેઢીના અકીદાઓ અને અખ્લાકને તબાહ અને બરબાદ કરી

નાખશે. જેના માટે આપણે જવાબદાર હશું અને કયામતના મૈદાનમાં જવાબ પણ આપવો પડશે.

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) પયગમ્બર (સ.અ.વ.)ની આ હદીસની તફસીરમાં બયાન કરે છે કેઃ

اَیْ عِلْمِ التَّقْوٰی وَ الْیَقِیْنِ

*'તકવા અને યકીનનું ઈલ્મ.'*

અલ્લામા મજલીસી (અ.ર.) એ ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની હદીસની સ્પષ્ટતા આ રીતે કરી છેઃ

***'તકવાના ઈલ્મથી મુરાદ વાજીબાત, મોહર્રમાત અને જવાબદારીઓનું ઈલ્મ છે, જેના વડે અલ્લાહનાં અઝાબથી નજાત મેળવી શકાય છે. ઈલ્મે યકીનથી મુરાદ ઉસુલેદીન અને અકીદાઓનું ઈલ્મ છે.'***

(બેહારૂલ અન્વાર, ભાગ-૨, પા. ૩૨)

આ આધારે એ ઈલ્મ જે આપણને જહન્નમનાં દર્દનાક અઝાબથી નજાત અપાવી શકે છે તે અખ્લાક અને એહકામનું ઈલ્મ છે અને તે ઈલ્મ જે અખ્લાક અને એહકામની દુરૂસ્તી અને કબુલીય્યતનું માધ્યમ છે તે અકાએદ અને મઆરીફે એહલેબૈત (અ.મુ.સ.)નું ઈલ્મ છે. આ ઈલ્મોની મહત્ત્વતાને ધ્યાનમાં રાખીને ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની આ હદીસ પર ખુબજ વિચાર કરીએ.

لَوَدِدْتُ اَنَّ اَصْحَابِیْ ضُرِبَتْ رُءُوْسُهُمْ بِالسِّیَاطِ حَتّٰی یَتَفَقَّهُوْا

*'હું એ પસંદ કરૂં છું કે મારા અસ્હાબને કોડા મારવામાં આવે જેથી તેઓ દીનની ઉંડી સમજ (જાણકારી) પ્રાપ્ત કરે.'*

(કાફી, ભાગ-૧, પા. ૩૧)

اِذَا اَرَادَ اللّٰهُ بِعَبْدٍ خَيْرًا فَقَّهَهُ فِي الدِّيْنِ

*'જ્યારે અલ્લાહ કોઈ બંદાને નેકી અતા કરવા ચાહે છે, તો તેને દીનની ઉંડી સમજ અતા કરે છે.'*

(કાફી, ભાગ-૧, પા. ૩૨)

આનાથી સ્પષ્ટ છે કે અલ્લાહની નઝદીક કિંમતી નેકી ઈલ્મે દીનની તઅલીમ છે.

## કલાસમાં જવું:

જ્યારે ઈલ્મે દીનથી સંબંધીત કલાસની વાત થાય છે તો લોકો કહે છે કે હવે આ ઉમ્રમાં શું ભણશું? હવે અક્કલમાં શું ઉતરશે? યાદશકિત એટલી નબળી પડી ગઈ છે કે થોડા સમય પહેલાની વાત પણ યાદ નથી રહેતી તો કુરઆન અને હદીસો કઈ રીતે યાદ કરશું? હવે કબ્રમાં જવાની તૈયારી કરીએ કે કલાસમાં જવાની?

એક બુઝુર્ગે આના વિષે આ રીતે ફરમાવ્યું: જે કોઈ આલીમની પાસે બેસે અને તે ઈલ્મ યાદ રાખવાની અને સમજવાની ક્ષમતા ન ધરાવતો હોય તો પણ તેને સાત કરામતો અને નેકીઓ નસીબ થશે.

૧) તાલીબે ઈલ્મની જે ફઝીલત છે તે તેને મળશે.

૨) જ્યાં સુધી ત્યાં બેસેલો રહે છે ત્યાં સુધી ગુનાહોથી સુરક્ષીત રહેશે.

૩) જ્યારે તે ઘરેથી નીકળે છે તે સમયથી તેના ઉપર રહેમતો નાઝીલ થાય છે.

૪) જ્યારે કલાસમાં બેસે છે ત્યારે ત્યાં જે રહેમતો નાઝીલ થાય છે તે તેને મળે છે.

૫) જ્યાં સુધી ધ્યાનથી સાંભળતો રહે છે ત્યાં સુધી ઈતાઅતનો સવાબ મળતો રહે છે.

૬) જ્યારે તે ધ્યાનથી સાંભળે છે અને સમજી નથી શકતો તો તેનું દીલ તંગ થઈ જાય છે અને તે મહેરૂમી પર દુઃખી થાય છે. આ મહેરૂમી અને ગમનો એહસાસ અલ્લાહથી નઝદીક થવાનું કારણ બને છે. કારણ કે હદીસે કુદસીમાં છે.

*'હું તુટેલા દિલોની નઝદીક છું.'*

(ઈરશાદુલ કોલુબ, ભાગ-૧, પા. ૧૧૫)

૭) તે જોવે છે કે મુસલમાન આલીમની ઈઝઝત કરે છે અને ગુનેહગારોને ઝલીલ સમજે છે તો તેનું દીલ ગુનાહોથી બેઝાર થઈ જાય છે અને ઈલ્મ તરફ લગાવ વધી જાય છે. એટલા માટે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ નેક લોકોની સાથે બેસવાનો હુકમ આપ્યો છે.

આમાંથી દરેક કરામત અને ફઝીલત એટલી મહાન છે કે તેને નજરઅંદાઝ નથી કરી શકાતી.

## શા માટે ઈલ્મ હાસીલ કરવું?

પવિત્ર દીને ઈસ્લામમાં ‘નિય્યત’નું ખુબજ વધારે મહત્ત્વ છે. નમાઝ અલ્લાહથી નઝદીકીનું શ્રેષ્ઠ માધ્યમ છે, ગુનાહો માફ થવાનું અને દોઆઓ કબુલ થવાનું કારણ છે. પરંતુ આજ નમાઝ અગર રિયાકારી માટે અંજામ આપવામાં આવે તો અલ્લાહની બારગાહથી દૂર થવાનું અને નમાઝના બાતીલ હોવાનું કારણ બને છે. આ નિય્યત મોટાથી મોટા અમલને પણ કિંમત વગરનો બનાવી દે છે અને આજ નિય્યત એક સામાન્ય અમલને પણ મહાન બનાવી દે છે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

***‘બેશક અમલનો આધાર નિય્યત ઉપર છે. બેશક દરેક ઈન્સાનને ફકત તેજ બદલો મળશે જેની તેણે નિય્યત કરી હશે. અગર તેની હિજરત અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.) તરફ હશે તો તેની હિજરત ખુદા અને રસુલ (સ.અ.વ.) માટે હશે અને જો તેની હિજરત દુનિયા પ્રાપ્ત કરવા અથવા કોઈ ઔરત સાથે નિકાહ માટે છે તો જે નિય્યતથી હિજરત કરી છે તે હિજરત તેની તરફ છે.’***

(મુન્યતુલ મુરીદ, પા. ૧૩૩)

દીને ઈસ્લામે જ્યાં ઈલ્મ હાસીલ કરવાની ખુબજ વધારે તાકીદ કરી છે ત્યાં આ હકીકત ઉપર પણ ભાર મુકયો છે કે આ ઈલ્મ કોના માટે અને કઈ નિય્યતથી પ્રાપ્ત કરવામાં આવે?

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ઈરશાદ ફરમાવે છે:

***‘જે એ નિય્યત સાથે ઈલ્મ હાસીલ કરે કે તેના વડે આલીમો વચ્ચે ફખ્ર અને ગર્વ કરે અથવા ઓછી***

*અકલવાળાઓ સાથે વાદવિવાદ કરે અથવા લોકોનું ધ્યાન પોતાના તરફ ખેંચી શકે.*

*આવા લોકોએ પોતાનું ઠેકાણું જહન્નમમાં શોધવું જોઈએ. કારણકે સત્તા ફકત તે જ લોકોને શોભે છે જે તેના લાયક હોય છે.'*

(કાફી, ભાગ-૧, પા. ૪૭, હ. ૬)

હઝરત ઈમામ સાદિક (અ.સ.) ઈરશાદ ફરમાવે છેઃ

*'જે દુન્યવી લાભ મેળવવા માટે હદીસ શીખે છે, તેને આખેરતમાં કંઈ નહી મળે અને જે આખેરત માટે હાસીલ કરે છે તો ખુદાવંદે આલમ તેને દુનિયા અને આખેરતની નેકીઓ અતા કરશે.'*

(કાફી, ભાગ-૧, પા. ૪૬, હ. ૨)

એટલા માટે દીને ઈસ્લામમાં ખુલુસ નિય્યતનું ખુબજ વધારે મહત્ત્વ છે. ખાલીસ નિય્યત એટલે તે નિય્યત જેમાં અલ્લાહ સિવાય બીજું કોઈ ન હોય અને ન બીજા કોઈ ઈરાદાની ભેળસેળ હોય. કુરઆને કરીમમાં જગ્યાએ જગ્યાએ ખુલુસનું વર્ણન છે.

فَاعْبُدِ اللّٰهَ مُخْلِصًا لَّهُ الدِّيْنَ ۝٢ اَلَا لِلّٰهِ الدِّيْنُ الْخَالِصُ

*'ખુલુસ દીલ સાથે અલ્લાહની ઈબાદત કરો અને ખાલીસ દીન તો ફકત અલ્લાહ માટે છે.'*

(સુરએ ઝુમર-૩૯: ૨-૩)

فَمَنْ كَانَ يَرْجُوْا لِقَآءَ رَبِّهٖ فَلْيَعْمَلْ عَمَلًا صَالِحًا

وَّلَا يُشۡرِكۡ بِعِبَادَةِ رَبِّهٖۤ اَحَدًا﴿۱۱۰﴾

*"જે શખ્સ અલ્લાહથી મુલાકાત કરવા ઈચ્છતો હોય તેને જોઈએ કે નેક અમલ અંજામ આપે અને પોતાના રબની ઈબાદતમાં બીજા કોઈને શરીક ન કરે."*

(સુએ કહફ-૧૮: ૧૧૦)

કુરઆને કરીમની આ આયત કેટલી બલીગ છેઃ

قُلۡ هَلۡ نُنَبِّئُكُمۡ بِالۡاَخۡسَرِيۡنَ اَعۡمَالًا﴿۱۰۳﴾ اَلَّذِيۡنَ ضَلَّ سَعۡيُهُمۡ فِى الۡحَيٰوةِ الدُّنۡيَا وَهُمۡ يَحۡسَبُوۡنَ اَنَّهُمۡ يُحۡسِنُوۡنَ صُنۡعًا﴿۱۰۴﴾

*"તમે કહી દો કે શું અમે તે લોકો વિષે ન બતાવીએ કે જેઓ આમાલમાં સૌથી વધારે નુકશાન ઉઠાવનારાઓ છે. આ તે લોકો છે જેની બધી જ કોશિશ અને પ્રયત્નો દુન્યવી ઝીંદગી માટે છે અને તેઓ એમ વિચારે છે કે તેઓ નેક કામ અંજામ આપી રહ્યા છે."*

(સુરએ કહફ-૧૮: ૧૦૩-૧૦૪)

તે લોકો જેની કાર્યશીલતા અને ખિદમતોનો મકસદ દુનિયા છે, જે લોકો નામના, શોહરત, ઈઝઝત, દૌલત, હુકુમત... માટે કામ કરે છે. લોકોની ચર્ચાઓમાં રહેવા માંગે છે અથવા તો સમાચાર પત્રો અને ટી.વી.માં મુખ્ય ખબરોમાં રહેવાનું પસંદ કરે છે. સમાચારમાં આવેલા પોતાની પ્રસિધ્ધિ અને ફોટાનાં આલ્બમની હિફાઝત કરે છે, પ્રાપ્ત કરેલા ઈનામોને શણગારીને રાખે છે અને

આજ વાતો તેમનો ધ્યેય હોય છે અને આ ધ્યેયની પ્રાપ્તિને તેઓ સફળ જીવન માને છે અને એમ વિચારે છે કે તેઓ આ બધા કામો આખેરત માટે કરી રહ્યા છે. આ તે લોકો છે જેમના બધા પ્રયત્નો દુનિયામાં ખોવાઈને રહી જાય છે અને તેઓ તેના સવાબની આશા આખેરતમાં લગાવીને બેઠેલા છે. આ લોકો સૌથી વધારે નુકશાનમાં છે અને આખેરતમાં તેમને કંઈજ નહી મળે.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એક હદીસમાં ઈરશાદ ફરમાવે છે:

*'કયામતના મયદાનમાં એક શખ્સને સૌથી પહેલા હિસાબ માટે ઉભો કરવામાં આવશે જે શહીદ હશે. તેને લાવવામાં આવશે અને નેઅમતોને તેની સામે પેશ કરવામાં આવશે. તે તે નેઅમતોને ઓળખશે. (આ બધો સવાબ શહીદ માટે છે) અને કહેશેઃ ખુદાયા! મેં તારા માટે જંગ કરી ત્યાં સુધી કે શહીદ થઈ ગયો. જવાબ મળશેઃ તું ખોટું બોલી રહ્યો છો. તે એટલા માટે જંગ કરી જેથી તું બહાદુર અને શુરવીર ગણાય અને તને આ બધા લકબો મળી ગયા (હવે શું). તેને ઢસડીને ઉંધા મોઢે જહન્નમમાં નાખી દેવામાં આવશે.*

*બીજા એક શખ્સને રજુ કરવામાં આવશે જેણે ઈલ્મ હાસીલ પણ કર્યું અને તેની તાલીમ પણ આપી, કુરઆન પણ પઢયું. તેની સામે નેઅમતો અને સવાબને પેશ કરવામાં આવશે, તે તે બધાને ઓળખી લેશે. તેને પુછવામાં આવશે તે શું કર્યું? જવાબ આપશેઃ મેં તારા માટે ઈલ્મ હાસીલ કર્યું, બીજાઓને તાલીમ આપી, તારા માટે કુરઆનની*

*તિલાવત કરી. જવાબ મળશેઃ તું ખોટું બોલી રહ્યો છો. તે એટલા માટે ઈલ્મ હાસીલ કર્યું કારણ કે તને આલીમ કહેવામાં આવે. કુરઆનની તિલાવત એટલા માટે કરી કે તને કારીએ કુરઆન કહેવામાં આવે. આ બધા વખાણ અને લકબો તને મળી ગયા.*

*હુકમ આપવામાં આવશે આને પણ ઢસડીને ઉંધા મોઢે જહન્નમમાં નાખી દો.'*

(મુન્યતુલ મુરીદ, પા. ૧૩૪)

જ્યારે જેહાદ કરનારા અને કુરઆને કરીમની તિલાવત કરનારાની નિય્યત અગર ખાલીસ ન હોય, તો આ પરિણામ આવે છે તો પછી તે લોકોનું શું પરિણામ આવશે જેમના આમાલો જ આટલા મહત્ત્વના ન હોય.

ખુલુસ નિય્યતનો સૌથી મોટો દુશ્મન શયતાન છે. તેની કોશિશો, હુમલાઓ અને વસવસાઓ નિય્યતને ખાલીસ રહેવા નથી દેતા. જ્યાં ખાલીસ નિય્યતનો દરજ્જો આટલો મોટો છે ત્યાં તે રસ્તામાં જોખમો પણ વધારે છે. તે ઉંચાઈ ઉપર ચઢવું ખુબ જ અઘરૂં છે. તેના માટે ડગલેને પગલે સાવધાની અને સાચી વિચારસરણીની જરૂરત છે. તે સતત નફસ સામેનો જેહાદ છે. તે એટલી હદે મહત્ત્વનું છે કે બધા આમાલ કબુલ થવાનો અને સવાબના દરજ્જાઓનો આધાર તેના પર જ છે. તેના જ આધારે આબીદને તેની ઈબાદત અને આલીમને તેની તકલીફો અને પ્રયત્નો તથા મુજતહિદને તેની કોશિશોનો સવાબ અને બદલો મળે છે.

અગર આપણે આપણા આમાલોની હકીકત ઉપર ચિંતન મનન કરીએ અને આપણી નિય્યતોને ચકાસીએ તો ખબર પડશે કે ખુલુસ

કેટલી હદે ઓછુ છે, નાશ અને બરબાદીની શકયતાઓ વધારે છે, અડચણો ખુબ જ વધારે છે. ખાસ કરીને તે લોકો માટે જેઓ તાલીમની દુનિયાથી જોડાએલા છે પછી ભલે તે તાલીમ આપી રહ્યા હોય કે તાલીમ હાસીલ કરી રહ્યા હોય કારણકે મોટાભાગે જે બાબતો ઈલ્મ હાસીલ કરવાનું કારણ બને છે તે ઈઝઝત, શોહરત, માલ અને સ્થાનની મોહબ્બત, લોકો ઉપર અધિકાર જમાવવાની ભાવના, મોટા થવાનો વિચાર, ચાહકોમાં વધારો, વખાણ કરનારાઓનો સમૂહ, હાથ ચુમનારાઓની ભીડ, ઝીંદાબાદ અને કુરબાન થવાના નારાઓ... સત્તા અને આગેવાનીનો શોખ... શયતાન આ બધી વાતોને દીનના નામે તેઓના મગજમાં નાખે છે અને ખુબ જ નરમ અને સાચા દોસ્તનો લીબાસ પહેરીને આ કબુલ કરાવે છે.

તમારૂં કામ તો દીનનો પ્રચાર અને ફેલાવો કરવાનું છે. શરીઅતે મોહમ્મદીનું રક્ષણ છે. લોકોને દીનથી નઝદીક કરવાનું છે. તમે તો ફકત અલ્લાહ માટે કામ કરી રહ્યા છો. તમે મુત્મઈન રહો તમારી નિય્યતમાં કોઈ ખરાબી નથી.

પરંતુ હકીકત ત્યારે સામે આવે છે જ્યારે તે ક્ષેત્રમાં બીજા લોકો પણ આવી જાય છે, તેનું મહત્ત્વ અને દરજ્જો થોડો ઓછો થવા લાગે છે. અગર તે સમયે તે લોકોનો તે વધારે એહતેરામ કરે છે અને તેમનાંથી વધારે મોહબ્બત અને માન સાથે વર્તે છે જે તેમના મુરીદ છે, જે તેના પોતાના છે તેમને જોઈને વધારે ખુશ થાય છે જ્યારે કે બીજાઓના અનુયાયીઓ અને બીજા પક્ષના લોકો સાથે તે રીતે નથી વર્તતો. તેનો અર્થ એ છે કે તેની નિય્યતમાં ખુદા ઓછો અને 'હું' પદ વધારે છે. જે નિય્યતને તે ખાલીસ સમજી રહ્યો છે તે ધોકામાં છે. કયારેક કયારેક તો ઔરતો જેવી ગૈરત પૈદા થઈ જાય

છે. જેવી રીતે એક પત્નિ પોતાના પતિની સાથે બીજા કોઈને જોઈ નથી શકતી તે જ રીતે આ શખ્સ પણ પોતાના મુરીદોને બીજાઓની સાથે નથી જોઈ શકતો. ભલે પછી બીજો પોતાના કરતા વધારે આલીમ, ફઝીલતવાળો, અનુભવી કે ઈબાદતગુઝાર કેમ ન હોય.

અગર ઈલ્મ હાસીલ કરવાનો મકસદ ખરેખર અલ્લાહ અને રસુલ (સ.અ.વ.)નો દીન છે તો અગર બીજા આ ક્ષેત્રમાં આવે તો તેને ખરેખર પોતાનો ભાગીદાર અને મદદગાર સમજે, અલ્લાહના દીનના પ્રચાર અને ફેલાવામાં તેને પોતાનો સાથી અને મદદગાર માને. તેના આવવા ઉપર અલ્લાહનો શુક્ર અદા કરે કે અલ્લાહે તેનો સાથ આપવા માટે કોઈકને મોકલી દીધો, હવે દીનનું કામ વધુ આસાન થઈ ગયુ. હિદાયત કરનારાઓની સંખ્યા વધી ગઈ, રસુલ (સ.અ.વ.)ની સુન્નતને જીવંત કરવાવાળા બીજા લોકો પણ આવી ગયા, કામ શ્રેષ્ઠ થઈ ગયું, ભાર હલ્કો થઈ ગયો. અગર પ્રતિસ્પર્ધીની જગ્યાએ મદદગારનો એહસાસ છે તો નિય્યત ખાલીસ છે.

આવી સ્થિતિમાં શયતાન બીજી એક રીતે વર્તે છે. તે દીલમાં આ રીતે વિચારો પૈદા કરે છે કે તમારો મકસદ એમ તો નથી કે લોકો તમને છોડીને બીજાઓ પાસે ન જાય. તમે લોકોના ચાલ્યા જવાથી દુઃખી નથી બલ્કે તમે એટલા માટે ચિંતા કરો છો કે તમારો સવાબ ઓછો થઈ રહ્યો છે. જેટલા વધારે લોકો તમારી વાત સાંભળશે તેટલો જ તમને સવાબ વધારે મળશે. જેટલા વધારે લોકો તમારી નસીહતો સાંભળશે, હિદાયત મેળવશે, એહકામ શીખશે તેટલો જ સવાબમાં વધારો થશે અને આ સંખ્યા જેટલી ઓછી સવાબ પણ તેટલો જ ઓછો થતો જશે. આ વાત તો અલ્લાહને પસંદ છે.

તે બદબખ્તને એ નથી ખબર કે સવાબનો સંબંધ લોકોની સંખ્યાના વધારે હોવા સાથે નથી બલ્કે અલ્લાહનાં હુકમ સામે તસ્લીમ થઈ જવામાં અને હકની ઈતાઅતમાં છે. અગર સવાબનો આધાર વધારે સંખ્યા ઉપર હોત તો અંબીયા (અ.મુ.સ.) એ પોતાના માનનારાઓની સંખ્યાના ઓછા હોવા ઉપર સૌથી વધારે દુ:ખી હોવું જોઈતું હતું. અંબીયા (અ.મુ.સ.)ના બધા પ્રયત્નો અલ્લાહની ઈતાઅત અને તેના હુકમ સામે તસ્લીમ થવામાં હતા એ વાત માટે પ્રયત્નો ન હતા કે લોકોના આમાલને તેમની સાથે મન્સુબ કરવામાં આવે અને તેમને તેનો સવાબ મળે.

આ રીતની વાતો શયતાની વસવસાઓ છે. આપણે ખુદ આપણી જાત, આપણા વિચારો અને આપણી નિય્યતોને ચકાસવી જોઈએ. આ નફસ ખુબજ જલ્દીથી વાયદાઓના બહેકાવામાં આવી જાય છે અને ઈન્સાન ખુદ પોતાનાથી છેતરાઈ જાય છે. ઈન્સાન વારંવાર પોતાની નિય્યતના ખાલીસ હોવાનો ભરોસો કરે છે પરંતુ નાની એવી વાત મીજાઝની વિરૂધ્ધ બની તો તરતજ રંગ બદલાઈ જાય છે, લહેજો બદલાઈ જાય છે, નિંદા સહન નથી થતી... આ બધું એ વાતની નિશાની છે કે હજુ પણ ખાલીસ નિય્યત તેની સંપૂર્ણતાની મંઝીલથી દૂર છે.

સવાલ એ છે કે આ હલાક કરનારી બિમારીનો ઈલાજ કેવી રીતે કરવો. અગર ઈલાજ નહી થાય તો આ હલાકતનું પરિણામ હંમેશાનો અઝાબ છે.

અગર કોઈ ખાલીસ શખ્સ મળી જાય તો તેની ખિદમતમાં હાજર થઈને તેમનાંથી ઈલાજની યાચના કરવી અથવા તો આ વિષય પર જે કિતાબો અખ્લાકીયાતમાં લખવામાં આવી છે તેનો

અભ્યાસ કરવો. પરંતુ સૌથી વધારે મહત્ત્વનું અને અસરકારક રસ્તો અલ્લાહ તઆલાની બારગાહમાં ગીડગીડાવુ, દોઆ કરવી અને ઈલ્તેમાસ કરવી છે... જેણે અમલ માટે નિય્યત અને નિય્યત માટે ખુલુસની શર્ત લાઝીમ કરાર દીધી છે. ખુદાવંદે આલમ આપણા દીલો ઉપર, આપણા વિચારો ઉપર, આપણા દીલોમાં પૈદા થનારા વસવસાઓ ઉપર ખુદ આપણા કરતા વધારે કુદરત ધરાવે છે. તે આપણાથી સૌથી વધારે નઝદીક છે, દોઆઓનો સાંભળનાર અને તેને કબુલ કરનાર છે. એક નાની એવી શરમીંદગી અને પસ્તાવાનો એહસાસ થવા ઉપર વર્ષોના ગુનાહોને માફ કરી દેનાર છે. તેને ખાલીસ નિય્યતની પણ ખબર છે અને આપણા અસ્તિત્વની ખુસુસીયતો પણ ખબર છે, આપણા દીલની બિમારીઓ અને તેની ઉંડાઈની પણ ખબર છે. તે આપણા હકમાં સૌથી વધારે દયાળુ અને મહેરબાન છે. તેને બિમારીની પણ ખબર છે અને ઈલાજની પણ ખબર છે અને ઈલાજના રસ્તાઓની પણ ખબર છે અને તેની અસરોના રસ્તાઓની પણ ખબર છે. તેની બારગાહમાં તે પાક ઝાતોના વાસ્તાથી હાજર થઈએ. તેને તેની મહાનતા અને અઝમત, મોટાઈ અને પાકીઝગીની કસમ આપીએ, મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના હકકની અઝમતનો વાસ્તો આપીએ અને સતત નફસની સુધારણા અને ખાલીસ નિય્યતની યાચના કરતા રહીએ. આ યાચના ફકત આદત મુજબની ન હોય બલ્કે ઝબાનથી વધીને દીલની અવાજ હોય. દોઆએ સહેરનું આ વાકય કેટલું બલીગ છે.

اَللّٰهُمَّ اِنِّىْ اَسْتَغْفِرُكَ لِمَا تُبْتُ إِلَيْكَ مِنْهُ ثُمَّ عُدْتُ فِيْهِ وَ اَسْتَغْفِرُكَ لِكُلِّ خَيْرٍ اَرَدْتُ بِهٖ

وَجْهَكَ فَخَالَطَنِي فِيهِ مَا لَيْسَ لَكَ

***‘ખુદાયા! હું તારી બારગાહમાં માફી માંગુ છું તે ગુનાહોથી જેનાથી તૌબા તો કરી હતી પરંતુ ફરીથી તેને અંજામ આપી દીધા. ખુદાયા! હું તારી બારગાહમાં માફીનો તલબગાર છું દરેક તે નેક અમલનો કે જેને મેં તારા માટે શરૂ તો કર્યો હતો પરંતુ પછી તારી સિવાય બીજાઓ પણ તેમાં શરીક થઈ ગયા.’***

(મફાતીહુલ જીનાન (ફારસી), પા. ૧૯૯)

આ ખરેખર એક હકીકત છે કે જે કામ અલ્લાહના અને તેના રસુલ (સ.અ.વ.)ના નામ ઉપર, ખરેખર સંપૂર્ણ ખુલુસની સાથે શરૂ કરવામાં આવે છે તેમાં દરેક કદમ ઉપર અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.) ધ્યાનમાં રહે છે. જ્યારે તે કામ એક મંઝીલ સુધી પહોંચી જાય છે તો તે ઈન્સાનોથી સંબંધીત થઈ જાય છે. તેના વખાણને ઈન્સાન પોતાના વખાણ અને તેની નિંદાને ઈન્સાન પોતાની નિંદા સમજવા લાગે છે અને નિય્યતોના બદલાઈ જવાથી કામની અસરો પણ પ્રભાવિત થાય છે.

ઈલ્મ ધરાવનારાઓના કારણે દરજ્જાઓ બલંદ છે, કૌમમાં તેમની અસરો પણ વધારે છે એટલા માટે આ ખતરાઓ પણ ત્યાં વધારે જોવા મળે છે. એટલા માટે ખાલીસ નિય્યતની હિફાઝત બલ્કે તેમાં વધારે તરક્કી થવા માટે અલ્લાહની બારગાહમાં મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (સ.અ.વ.)ના વાસ્તાથી સતત માંગતા રહેવું જરૂરી છે. શયતાની વસવસાઓથી અલ્લાહની ઈનાયત વગર બચવું ખુબ જ મુશ્કીલ, બલ્કે અશકય કામ છે.

## રોશની ફેલાવવી શા માટે?

ઈલ્મનું મહત્ત્વ અને તેની મન્ઝેલત, કયુ ઈલ્મ હાસીલ કરવું અને કોના માટે હાસીલ કરવું. હવે સવાલ એ છે કે શા માટે ઈલ્મ પ્રાપ્ત કરવું?

રિવાયતોમાં આ વાત ઉપર ખુબજ વધારે તાકીદ કરવામાં આવી છે કે ઈલ્મ હાસીલ કરો અમલ કરવા માટે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

*‘બે પ્રકારના આલીમો છે. (૧) તે જે પોતાના ઈલ્મ ઉપર અમલ કરે, તે નજાત પામશે. (૨) તે જે પોતાના ઈલ્મ ઉપર અમલ નહીં કરે, તે હલાક થશે. જહન્નમનાં રહેવાસીઓ તે આલીમની બદબુથી પરેશાન થઈ જશે, જે પોતાના ઈલ્મ પર અમલ નથી કરતો. જહન્નમવાસીઓમાં સૌથી વધારે તે શખ્સ શરમીંદા થશે અને પસ્તાશે જેણે લોકોને અલ્લાહ તરફ બોલાવ્યા. લોકોએ તેની વાતને કબુલ કરી લીધી, અલ્લાહની ઈતાઅત કરી અને જન્નતમાં ચાલ્યા ગયા અને દઅવત અપાવનારો અમલ ન કરવાના કારણે નફસાની ખ્વાહીશાતની પૈરવી અને લાંબી આરઝુઓના કારણે જહન્નમમાં ચાલ્યો ગયો.*

*આગાહ થઈ જાવ ખ્વાહીશાતની પૈરવી તમને હકથી રોકી દેશે અને લાંબી આરઝુઓ તમને આખેરતને ભુલવાડી દેશે.’*

(કાફી, ભાગ-૧, પા. ૪૪, હ. ૧)

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ઈરશાદ ફરમાવે છેઃ

***‘જ્યારે આલીમ પોતાના ઈલ્મ મુજબ અમલ નથી કરતો તો તેની નસીહતો અને સલાહ એવી રીતે દીલ ઉપર બેઅસર રહે છે જેવી રીતે પથ્થર ઉપર વરસાદ.’***

(કાફી, ભાગ-૧, પા. ૪૪, હ. ૩)

જનાબે મુસા (અ.સ.)નો એક નઝદીકી સહાબી હતો જેણે ખુબ જ વધારે ઈલ્મ હાસીલ કર્યું હતું. જનાબે મુસા (અ.સ.)થી પરવાનગી લઈને પોતાના સગાસંબંધીઓને મળવા ગયો. જનાબે મુસા (અ.સ.) એ તેને કહ્યું: ધ્યાન આપજે, સીલે રહેમ ખુબ જ સારી વસ્તુ છે પરંતુ દુનિયામાં દીલ ન લગાડતો. ખુદાવંદે આલમે તને ખુબ જ ઈલ્મ અતા કર્યું છે તેને વેડફી ન નાખતો. તેણે કહ્યું: તમે મુત્મઈન રહો બધું સારૂ જ થશે.

તે સગાસંબંધીઓને મળવા ચાલ્યો ગયો અને એક લાંબી મુદ્દત પસાર થવા પછી પણ તે પાછો ન આવ્યો. જનાબે મુસા (અ.સ.) એ લોકોને તેના વિષે પુછયુ: પરંતુ કોઈએ કંઈ સમાચાર ન આપ્યા. જનાબે મુસા (અ.સ.)એ જીબ્રઈલે અમીનથી પુછયુ કે મારા તે સહાબીના કોઈ સમાચાર છે? જવાબ મળ્યો: હા, તે દરવાજા ઉપર વાંદરાના સ્વરૂપમાં છે અને તેના ગળામાં સાંકળ નાખેલી છે. જનાબે મુસા (અ.સ.) આ સાંભળીને ખુબજ દુ:ખી થયા. અલ્લાહની બારગાહમાં મુનાજાત કરી. ખુદાયા! આ મારો સાથીદાર, મારો સહાબી....

ખુદાવંદે આલમે વહી કરી:

***‘અય મુસા! અગર તમે એ હદે મારી બારગાહમાં દોઆ કરો કે તમારી ગરદન કપાઈ જાય તો પણ તે સહાબી માટેની હું તમારી દોઆને કબુલ નહી કરૂં. મેં તેને ઈલ્મ***

***આપ્યું હતું તેણે તેને વેડફી નાખ્યું અને તેણે બીજાઓથી મન લગાવી લીધું.'***

(બેહારૂલ અન્વાર, ભાગ-૨, પા. ૪૦)

જનાબે મુસા (અ.સ.) જેવા ઉલુલ અઝમ પયગમ્બરનો ખાસ સહાબી, ખુબ જ વધારે ઈલ્મ હોવા છતાં એટલા માટે વાંદરો બની ગયો કે તેણે પોતાના ઈલ્મ ઉપર અમલ ન કર્યો. પયગમ્બરે રહેમત હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ના સદકામાં અલ્લાહે આ ઉમ્મતને મસ્ખ નથી કરી નહીંતર આજે કેટલાય લોકો પોતાના મુળ સ્વરૂપને ગુમાવી બેઠા હોત. નથી ખબર આપણે જે અત્યારે અરીસામાં તો ઈન્સાન દેખાઈએ છીએ પરંતુ અંદરથી શું છીએ? એ વાત તો બધા જાણે છે કે દવાની જાણકારી હોવી એ કંઈ બીમારીનો ઈલાજ નથી. બલ્કે દવાનો ઉપયોગ એ બિમારીનો ઈલાજ છે અને જેને દવાની જાણકારી હોય છતાં તેનો ઉપયોગ ન કરે તે નિંદા અને ઠપકાનો વધારે હક્કદાર છે.

જનાબે મુસા (અ.સ.)ની કૌમમાં 'બલઅમે બાઉર' નામનો એક શખ્સ હતો. તેની પાસે એટલું વધારે ઈલ્મ હતું કે બાર હજાર આલીમો તેના દર્સમાં હાજરી આપતા હતા. અલ્લાહે તેને ઘણી નિશાનીઓ અતા કરી હતી અને એટલુ બધું ઈલ્મ હતું કે તે અર્શને જોઈ શકતો હતો. પરંતુ દુનિયાની મોહબ્બત અને અમલને તર્ક કરવાને લીધે તે ત્યાં સુધી પહોંચી ગયો કે કુરઆન તેના વિષે ઈરશાદ ફરમાવે છે:

فَمَثَلُهٗ كَمَثَلِ الْكَلْبِ ۚ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ اَوْ
تَتْرُكْهُ يَلْهَثْ

***"તેનું ઉદાહરણ તે કુતરા જેવું છે કે જેને આપો તો પણ ઝબાન બહાર કાઢીને હાંફે છે અને છોડી દો તો પણ ઝબાન બહાર કાઢીને હાંફે છે."***

(સુરએ અઅરાફ-૭: ૧૭૬)

કુરઆને કરીમ યહુદીઓના વિષે ઈરશાદ ફરમાવે છે:

مَثَلُ الَّذِيْنَ حُمِّلُوا التَّوْرٰىةَ ثُمَّ لَمْ يَحْمِلُوْهَا

كَمَثَلِ الْحِمَارِ يَحْمِلُ اَسْفَارًا

***"જે લોકોને તૌરેતનું ઈલ્મ આપવામાં આવ્યું હતું પરંતુ તે લોકોએ તેની તાલીમાત ઉપર અમલ ન કર્યો તેમની મીસાલ તે ગધેડા જેવી છે જેના ઉપર કિતાબોનો ભાર લાદી દેવામાં આવે."***

(સુરએ જુમ્આ-૬૨: ૫)

જોયું!! ઈલ્મ મુજબ અમલ ન કરવાનું શું પરિણામ આવે છે? કયાંક વાંદરાનું સ્વરૂપ મળ્યું છે, કયાંક કુતરાનું તો કયાંક ગધેડાનું. કદાચ આ અલગ અલગ સ્વરૂપો ઈલ્મના આધારે છે. ઈલ્મ જેટલું વધારે હશે, અમલને છોડી દેવાની અસર પણ તેટલી હદે વધારે હશે. વાત એ નથી કે દુનિયામાં આપણું સ્વરૂપ શું છે? જોવાનું એ છે કે આપણને આખેરતમાં કયા સ્વરૂપમાં મહેશુર કરવામાં આવશે. આખેરતનું સ્વરૂપ જ બાકી રહેનારૂં છે. આ દુન્યવી સ્વરૂપ તો માટીમાં મળી જશે. આ સિવાય, આખેરતના ઉચ્ચ દરજ્જાઓ ઉમ્મીદો અને આરઝુઓથી પ્રાપ્ત નહી થાય. આખેરતમાં બધું હકીકત છે. જરૂરી છે કે ઈલ્મ અમલના સ્વરૂપમાં હકીકત ધારણ કરે જેથી દરજ્જાઓ નસીબ થાય. એ વાત ધ્યાનમાં રહે કે ઈલ્મ

પોતે અમલ અને નજાતનું કારણ નથી બનતું જ્યાં સુધી અલ્લાહની તૌફીક ન મળે. અલ્લાહ તરફથી તૌફીક દોઆઓ, ઈતાઅત, ઈબાદત અને અલ્લાહના હુકમની સામે તસ્લીમ થવાથી હાસીલ થાય છે. હકની સામે તસ્લીમ થવું એ જ સૌથી મોટી સઆદત છે.

## રોશની ફેલાવવીઃ

દીને ઈસ્લામે જ્યાં ઈલ્મ, અમલ અને નિય્યતના ખાલીસ હોવા ઉપર ભાર મુકયો છે તે જ જગ્યાએ એ વાતની પણ કાયદેસર તાકીદ કરી છે કે ધ્યાન રાખો કે ઈલ્મ ફકત તમારી ઝાત પુરતુ સિમિત ન રહે બલ્કે બીજાઓમાં પણ ઈલ્મનો પ્રકાશ ફેલાવતા રહો. પોતે હિદાયત પામેલા છો તો બીજાઓને પણ હિદાયતના રસ્તા ઉપર લાવો અને તેનો અજ્ર અને સવાબ વ્યકિતગત અમલ અને વ્યકિતગત સુધારણા કરતા કયાંય વધારે છે. તેનો હરગીઝ અર્થ એમ ન લેવો જોઈએ કે બીજાઓની ચિંતામાં પોતાનો ખયાલ ન રાખો. સુધારણા અને હિદાયત પોતાની ઝાતથી શરૂ થઈને બીજાઓ સુધી પહોંચે. બીજાઓને તાલીમ આપવી, બીજાઓને હિદાયત આપવી, બીજાઓના અખ્લાક અને આમાલની સુધારણા કરવી... એ નબીઓ, રસુલો અને અઈમ્મએ તાહેરીન (અ.મુ.સ.)નું કામ છે. અગર તાલીમ, તરબીયત, પાકીઝગી અને કોશિશથી બેહતર કોઈ કામ હોત તો ખુદા તે જવાબદારીઓ પોતાના મહેબુબ અને નઝદીકના બંદાઓને અતા કરત. આ રસ્તામાં કાંટાઓ ફુલનું સ્થાન ધરાવે છે અને ઝખ્મો પોતે મરહમનું કામ કરે છે. કારણકે આ બધી બાબતો દરજજાઓ બલંદ થવાનું અને મકામ ઉચ્ચ થવાનાં માધ્યમો છે.

હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.) ‘વલ યતામા’ની તફસીર બયાન કરતા ફરમાવે છેઃ

*‘હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ યતીમોનું ધ્યાન રાખવાની તાકીદ કરી છે, આ લોકો પોતાના પિતાની છત્રછાયાથી વંચિત છે. જે તેઓની હિફાઝત કરશે ખુદા તેમની હિફાઝત કરશે. જે તેઓનો એહતેરામ કરશે અલ્લાહ તેમનો એહતેરામ કરશે. જે તેમના માથા પર મોહબ્બત સાથે હાથ ફેરવશે તો હાથની નીચે જેટલા વાળ આવશે ખુદાવંદે આલમ દરેક વાળના બદલામાં તેને જન્નતમાં દુનિયા કરતા મોટો અને વિશાળ મહેલ અતા કરશે અને તે મહેલમાં તે વધી વસ્તુઓ હશે જેનાથી દીલ ખુશ થશે અને આંખો ઠંડક અનુભવશે.’*

હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.) આગળ ફરમાવે છેઃ

*‘એ યતીમથી વધારે શદીદ યતીમ એ છે જે પોતાના ઈમામથી દૂર છે. જેની ઈમામ સુધી પહોંચ નથી. તે પોતાની ઝીંદગીના રોજબરોજ ઉપસ્થિત થનારા મસઅલાઓ અને તેના એહકામથી માહિતગાર નથી. તે પોતાની શરઈ જવાબદારીઓથી અજાણ છે.*

*હાં અમારા શીઆઓમાંથી જે અમારા ઈલ્મના જાણકાર છે, અમારી શરીઅતને જાણે છે તેઓ તે યતીમની હિદાયત કરે. જે તેઓની હિદાયત કરશે, તેને રસ્તો બતાવશે, તેને અમારી શરીઅતની તાલીમ આપશે તે અમારી સાથે જન્નતના ઉચ્ચ દરજ્જાઓમાં હશે. આ રિવાયત મને મારા*

*પિતાએ અને તેમણે પોતાનાં બાપદાદાઓથી અને તેમણે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી નકલ કરી છે.'*

(તફસીરે ઈમામ હસન અસ્કરી, પા. ૧૩૫)

- છેલ્લું વાકય એ હકીકતને સ્પષ્ટ કરે છે કે આ રિવાયત તે મહત્ત્વપૂર્ણ રિવાયતોમાંથી છે જે અઈમ્મએ મઅસુમીન (અ.મુ.સ.)એ એક બીજાથી નકલ કરી છે.

- આ રિવાયતમાં ફકત જન્નતમાં જવાનું વર્ણન જ નથી બલ્કે જન્નતમાં અઈમ્મએ (અ.મુ.સ.)થી સાથે રહેવાનું વર્ણન છે. તેમની સાથે તેમના દરજ્જાઓમાં.

- સ્પષ્ટ છે કે જન્નતમાં કોઈપણ નબી, રસુલ, શહીદનો દરજ્જો પણ અઈમ્મા (અ.મુ.સ.)થી ઉચ્ચ નથી.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની પવિત્ર ઝબાનથી નીકળેલા નુરાની વાકયોથી આપણા દીલ અને દીમાગને પ્રકાશીત કરીએ. મૌલા ફરમાવે છેઃ

*'અમારા શીઆઓમાંથી જેઓ અમારી શરીઅતના જાણકાર છે... અમારા કમઝોર શીઆઓને તેઓની જેહાલતના અંધકારમાંથી નૂર તરફ લાવે જે અમે તેઓને અતા કર્યું છે.*

*તે કયામતમાં એવી રીતે આવશે કે તેના માથા પર નૂરનો તાજ હશે. જેનો પ્રકાશ આખા મહેશરના મયદાનમાં ફેલાએલા હશે. તેના શરીર ઉપર એટલો કિંમતી લીબાસ હશે કે જેનો એક સામાન્ય દોરો આખી દુનિયાથી વધારે કિંમતી હશે.*

*પછી એક મુનાદી અવાજ આપશે કે આ આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના અમુક શાગીર્દોથી તાલીમ પ્રાપ્ત કરનારો છે.'*

હા તો જેને જેને આ દુનિયામાં જેહાલતના અંધકાર અને પરેશાનીઓમાંથી બહાર કાઢયા છે તેઓ તેના નૂરના કીરણોથી જોડાઈ જાય. જેથી આ સમયે તેને મહેશરના અંધકારમાંથી કાઢીને જન્નતની વાદીઓ સુધી લઈ જાય. તે સમયે તે માણસો સામે આવશે જેને તેણે દુનિયામાં તાલીમ આપી હશે અથવા જેહાલતનું કોઈ તાળું ખોલ્યું હશે અથવા કોઈ શંકાનો જવાબ આપ્યો હશે.

(સંદર્ભ ઉપર મુજબ)

આ પવિત્ર હદીસ ઉપર ધ્યાન આપવાથી અમૂક મુદ્દાઓ સામે આવે છે.

૧) અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને પોતાના શીઆઓથી શું અપેક્ષાઓ છે? અને તેમના શીઆઓમાં શામીલ હોવું એ કેટલી મોટી ઈઝઝત છે!

૨) એહલેબૈત (અ.મુ.સ.)નું ઈલ્મ, તેમની શરીઅતની તાલીમ, બીજાઓની વિચારધારાઓ નહી.

૩) કમઝોર શીઆઃ આ નબળાઈ એ આર્થિક નબળાઈ નથી. અરબપતી વેપારી ભલે હોય અગર તેને પોતાની વાજીબ બાબતોની ખબર નથી તો તે કમઝોર અને નબળો છે. તેને જેહાલતના અંધકારમાંથી કાઢવો અને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના ઈલ્મોથી ભરપૂર કરવો આલીમોની જવાબદારી છે.

૪) માથા ઉપર નૂરનો એવો તાજ હશે જેનો પ્રકાશ આખા મહેશરમાં ફેલાએલો હશે. મહેશરનું મયદાન એટલું વિશાળ હશે કે જ્યાં પહેલાથી લઈને છેલ્લા બધા લોકો ભેગા થશે. એટલો પ્રકાશ હશે કે તેના નૂરથી આખુ મહેશર પ્રકાશીત થઈ જશે.

૫) આ નૂરાનિયત આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના ઈલ્મની તાલીમ દેવાના કારણે હશે.

૬) લીબાસ એટલો કિંમતી હશે કે તેનો એક સામાન્ય દોરો એટલો કિંમતી હશે કે આખી દુનિયા મળીને પણ તેની કિંમત નહી લગાવી શકે તો આખો લીબાસ કેટલો કિંમતી હશે.

૭) તે શખ્સ આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના અમુક શાગીર્દોનો શાર્ગીદ છે. જ્યારે એક શાર્ગીદનું આટલું મહત્ત્વ છે તો આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના ઘરના આલીમોનો શું મરતબો હશે!! અને ખુદ આલે મોહમ્મદ (અ.મુ.સ.)નો શું દરજ્જો હશે!!!

૮) શફાઅતનો અધિકાર મળશે અને શફાઅતનો વિસ્તાર એટલી હદે ફેલાએલા હશે કે જેટલા તેના ઈલ્મથી લાભ લીધો હશે.

૯) તે મોઅલ્લીમની શફાઅતના આધારે તે લોકોને મહેશરના મયદાનની સખ્તીઓથી નજાત મળશે જેણે તેમની પાસેથી ઈલ્મ હાસીલ કર્યું હશે.

૧૦) અત્યંત ઉંડા અને બારીક મસઅલાનું વર્ણન નથી, બલ્કે એક સવાલના જવાબની અથવા એક વાંધાના જવાબની વાત છે.

શું આટલા ઉચ્ચ મરતબાના વર્ણન પછી પણ એ અવકાશ છે કે ઈલ્મે દીન હાસીલ કરવામાં અને બીજાઓને તેની તાલીમ આપવામાં કોઈ કોતાહી કરવી જોઈએ? આ ઝમાનામાં કે જ્યાં દરેક બાજુએથી

એહલેબૈત (અ.મુ.સ.)ની તાલીમો, તેમની ઈમામત અને વિલાયત.... ઉપર હુમલાઓ થઈ રહ્યા છે. આ સમયે વધારે જરૂરી અને લાઝીમ છે કે આપણે બધા આલે મોહમ્મદ (અ.મુ.સ.)નું ઈલ્મ હાસીલ કરીએ. તેના માટે શ્રેષ્ઠ વ્યવસ્થા કરીએ અને જેટલું શકય હોય તેટલું આ નેક કામમાં, આ ઝુંબેશમાં ભાગ લઈએ જેથી કયામતના મયદાનમાં આપણને પણ તે કિંમતી લીબાસ અને શફાઅતનો અધિકાર પ્રાપ્ત થાય... આમીન.

આ વિષે અઈમ્મા (અ.મુ.સ.)થી રિવાયતો વારીદ થઈ છે. દરેક રિવાયત એક ખાસ મરતબો અને મહાનતાને સ્પષ્ટ કરી રહી છે. આ ટુંકી વાતચીતને હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની એક રિવાયત ઉપર પૂર્ણ કરીએ અને આ હદીસ પણ ખુબજ ધ્યાન માંગી લે તેવી છે.

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે:

*‘અમારા શીઆ આલીમો જેઓ તે સરહદોની સુરક્ષા કરી રહ્યા છે જેના ઉપર ઈબ્લીસ અને તેના અનુયાયીઓ પાંખો જમાવીને બેઠા છે. આ આલીમો તે શયતાનોને શીઆઓ ઉપર હુમલો કરવાથી રોકી રહ્યા છે, હુમલો કરવા નથી દેતા, તેઓ શયતાનને, તેના અનુયાયીઓને, એહલેબૈત (અ.મુ.સ.)ના દુશ્મનોને શીઆઓ ઉપર કાબુ મેળવવા નથી દેતા.*

*હા અમારા શીઆઓમાંથી જેઓ આ જવાબદારીને અદા કરશે અને ઢાલ બનીને રહેશે તેનો દરજ્જો રોમ અને તુર્કના સીપાહીઓ કરતા દસ લાખ ગણો વધારે છે. એટલા માટે કે આ લોકો અમારા ચાહનારાઓના દીનની હિફાઝત*

***કરી રહ્યા છે. જ્યારે કે તે લોકો (સીપાહીઓ) ફકત શરીરોની હિફાઝત કરી રહ્યા છે.'***

(ઉપર મુજબ)

જંગનું મયદાન આરામની જગ્યા નથી. ત્યાં ઝખ્મ, ઈજા, દર્દો, તુટવું અને ઘાવ.... છે, ભુખ છે, પ્યાસ, છે, ગર્મી છે, ઠંડી છે, વતનથી દૂરી છે... જાત જાતની સખ્તીઓ છે.

બીજી બાજુ આરામથી એક રૂમમાં બેસીને કોઈને દીનની તાલીમ આપવી છે. હલાલ અને હરામ શીખવવું છે. દીલમાંથી શંકા કુશંકાઓ દૂર કરવી છે.

પરંતુ આ શંકા કુશંકાઓ દૂર કરનારાઓને તે સીપાહીઓ ઉપર દસ લાખ ગણી ફઝીલત પ્રાપ્ત છે. તેનાથી અંદાજ લગાવી શકાય છે કે પવિત્ર દીને ઈસ્લામમાં દીનની તબ્લીગનું કેટલું વધારે મહત્ત્વ છે!!

અંતમાં એ વાત ખુબજ સારી રીતે ધ્યાનમાં રહે કે દીનની કોઈપણ તબ્લીગ હઝરત હુજ્જત ઈબ્નીલ હસન અલ અસ્કરી (અ.ત.ફ.શ.)ની ઈમામત, વિલાયત, મોહબ્બત, અકીદત, ઈન્તેઝાર, તૈયારી અને દોઆ વગર શકય નથી. ઈમામે ઝમાના (અ.સ.)નો ઝીક્ર દરેક તબ્લીગની રૂહ અને જાન છે.

ખુદાવંદે આલમ આપણને બધાને ઈમામે ઝમાના (અ.સ.)ની વિલાયતની રાહમાં પરિણામલક્ષી કદમ ઉઠાવવાની તૌફીક અતા ફરમાવે અને કંઈક એવા કામ કરવાની સઆદત પ્રાપ્ત થાય જે હઝરત વલીએ અસ્ર (અ.સ.)ની ખુશ્નુદીનું કારણ બને અને એવી ખુશ્નુદી કે તેમની દોઆઓમાં આપણું નામ શામેલ હોય. આમીન.